Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વ. માનસંગજી બારડ સ્મારક ટ્રસ્ટ – સંચાલિત

વર્ષ ૩૧ મું
અંક ૩ જો
સં. ૨૦૪૮
સન ૧૯૯૧
ડિસેમ્બર

# પથિક

તંત્રી–મંડળ :
પ્રો. કે. કા. શાસ્ત્રી
ડૉ. ના. કે. ભટ્ટી
ડૉ. સૌ. ભારતીબહેન શેલત

[ઇતિહાસ–પુરાતત્ત્વનું એક માત્ર ગુજરાતી માસિક]

આદ્ય તંત્રી : સ્વ. માનસંગજી બારડ

## ૩૧મા દીપોત્સવાંકની પૂર્તિ

ટાહુની વિરલ ગણેશ-પ્રતિમા



[જુઓ ગત 'દીપોત્સવાંક' પૃ. ૬૩-૬૪]

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજીવન શિક્ષણકાર્યમાં મસ્ત અને હવે નિવૃત્ત થયેલા શ્રી નટવરલાલ શંકરલાલ જોશીનો 'નિજાનંદ' વ્યક્ત કરતાં એમનાં ૪૫ જેટલાં લઘુકાવ્યોનો આ સંગ્રહ છે. 'પથિક'ના વાચકોને એમનાં કાવ્યોનો પરિચય 'દીપોત્સવી-અંક'માં છપાયેલાં કાવ્યોથી આ પૂર્વે આવ્યો છે. જેમ ગંભીર કાવ્યકૃતિઓ એમણે સર્જી છે તે પ્રમાણે હળવું હાસ્ય આપનારી કૃતિઓ પણ એમણે આપી છે. ૧૯૪૯ની એક રચના સિવાય બાકીની મોટા ભાગની રચનાઓ નવમા દસકાની છે. છંદોબદ્ધ કાવ્યો ઉપરાંત આમાં સુમધુર ગદ્યકાવ્યો પણ કોઈ કોઈ સુલભ છે. વિચારની ગહનતા તેમ ગાંભીર્ય પણ છે તો હળવાશ પણ અહીં સુલભ છે. હજી પણ આ ઉંમરે પણ નવી નવી રચનાઓ આપી એઓ પોતાના સમયનો સદુપયોગ કરે છે. વૃદ્ધત્વને આરે પહોંચેલા આ મહાનુભાવનો 'વસવસો' અમને નોંધપાત્ર જણાયો છે :

"નિહાળી જન અન્યનું નિધન ને મને થાય કે
જતો રહીશ એક દી હું પણ એ સમો શંકા ના;
છતાં ન દુખ એહનું, નિયમ એ રહ્યો શાશ્વત,
પરંતુ ઝરણાં, નદી, ઉદધિ, વ્યોમ ને પહાડની
લતા, તરુ સુમો તણી, પ્રિયજનો, ખગો, પ્રાણીઓ
તણી સરસ સૃષ્ટિ આ થતી વિલુપ્ત તે કાળથી
જતો વસવસો રહી; અવર દુખ ના કૈ દિલે."

આ કવિને ઉક્ત વિષયના વસવસાના અપવાદે દિલમાં બીજું કોઈ પણ દુઃખ નથી. અમને ભારતીય-તત્ત્વજ્ઞાનનો નિચોડ આ છેલ્લા નાના વાક્યમાં અનુભવાય છે.

૪. **સૈન્ધવી સંસ્કૃતિ** – લે પં. કૃષ્ણ ટોપણલાલ જેતલી, પ્ર. અખિલ ભારતીય સિંધી સાહિત્ય વિદ્વત્પરિષદ, ૧/૫ સરસ્વતી કો. ઑ. હા સોસાયટી, ૮૧૯-એ, ભવાની પેઠ, પુણે-૪૧૧૦૪૨; ડેમી સિન્ગલ ૮ પેજી પૃ. ૧૬+૬૬; ૧૯૯૧; કિં. રૂ. ૩૦/–

'કાવ્યતીર્થ' 'સાહિત્યશાસ્ત્રી' 'આયુર્વેદરત્ન' વગેરે અનેક પદવીના ધારક, ૧૧ જેટલા ઉચ્ચ કોટિના સત્કાર પામી ચૂકેલા, સિંધી-હિંદી-સંસ્કૃત-મરાઠી-ગુજરાતી આ ભાષાઓનું અધિકૃત જ્ઞાન ધરાવનારા, પ્રાચીન ઇતિહાસ-ભાષાવિજ્ઞાન-પુરાતત્ત્વ, એમાં પણ મોહેંજોદડો અને હડપ્પાની ચિત્રલિપિના અભ્યાસી પં. કૃષ્ણચંદ્ર ટોપણલાલ જેતલી, ૮૧ વર્ષની જીવનયાત્રા કરી ચૂકેલા અને હજીએ સંપૂર્ણ શક્તિથી સંશોધનક્ષેત્રે સતત પ્રવૃત્તિશીલ રહી સંશોધનકાર્ય કરી રહેલા છે. પરિષદે પ્રસિદ્ધ કરેલી દસ પુસ્તિકાઓમાં પુષ્પ ૧, ૨, ૪, ૫, ૬, ૮, ૯ અને ૧૦ તો એમનાં જ છે અને એ બધાં મોટે ભાગે પુરાતત્ત્વ વિશેનાં છે. સિંધી વ્યાકરણ જેવો વિષય ખેડનારા આ વિદ્વાન વર્ષોથી મોહેંજો-દડો અને હડપ્પામાંથી સંપ્રાપ્ત સિંધુ સંસ્કૃતિ અને સભ્યતાનો પણ ઊંડા અભ્યાસી છે એમણે 'સૈન્ધવી સંસ્કૃતિ' શીર્ષકથી મરાઠી ભાષામાં પ્રસ્તુત કરેલા આ લઘુગ્રંથના ૧૩ નિબંધોમાં ભાષા અને સંસ્કૃતિનો અભ્યાસ આપતાં આપતાં સિંધુ સંસ્કૃતિની ચિત્રલિપિને પણ ઉકેલવાનો પ્રશસ્ય પ્રયત્ન મૂર્ત કરી આપ્યો છે. ત્રીસ મુદ્રાઓમાં રજૂ થયેલી લિપિને વાંચી બતાવી છે. આ લિપિમાં એમણે ઉકેલેલા શબ્દોનો વૈદિકી ભાષા સાથેનો સંબંધ પણ સભાનતાથી સૂચવ્યો છે. મુદ્રાઓમાં અપાયેલા 'સ્વાસ્તિક' ચિહ્નનું પણ રહસ્ય એમણે એક નિબંધમાં બતાવ્યું છે. સંક્ષિપ્તમાં પણ ૧૨મા નિબંધમાં આપેલી મોહેંજો-દડોની સંસ્કૃતિ ધ્યાનાકર્ષક છે. ત્રીજો નિબંધ 'વેદ આણિ નાગ સંસ્કૃતિ' પણ મહત્ત્વનો છે. ૭મું વ્યાખ્યાન 'વિઠ્ઠલ' શબ્દનું મૂળ હિન્દી ભાષામાં હોવાની ચર્ચા કરે છે. માત્ર 'વિઠ્ઠલ' શબ્દનો જ નહિ, બીજા અનેક શબ્દોનો ભારતવર્ષીય પ્રાચીન ભાષામાં રૂપાંતરિત થઈને આવેલા શબ્દો આમ હોવાનો ખ્યાલ આ વિદ્વત્તાપૂર્ણ નિબંધ આપે છે આપણે તો 'વિઠ્ઠલ' શબ્દને 'વિષ્ણુ' શબ્દના બે પ્રાકૃત વિકાસ 'વિણ્હુ' અને 'વિટ્ઠુ'માં જોઈયે છિયે અને 'વિટ્ઠુ' પરથી સંસ્કૃતીકરણ પામેલો શબ્દ 'વિઠ્ઠલ' છે એમ સ્વીકારિયે છિયે 'વિઠોબા' એ જ ચતુર્ભુજસ્વરૂપ માટે પ્રયોજાય છે.

આખો ગ્રંથ ગંભીર વિદ્વચ્ચર્યાથી ભરેલો છે એ નોંધપાત્ર છે. — તંત્રી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સાભાર-સ્વીકાર

**૧. ઇતિહાસમધુ-લેખક અને પ્રકાશક પ્રો. ડૉ. મુગટલાલ બાવીસી, ૪/૪ શ્રી સાંઈ એપાર્ટમેન્ટ્સ, હવાડિયા ચકલા પાછળ, સુરત-૩૯૫૦૦૩; ક્રા. ૧૬ પેજી પૃ. ૧-૧૪૬; ૧૯૯૧; મૂલ્ય રૂ. ૩૦/-**

ઇતિહાસનાં અધ્યયન અને અધ્યાપનના કાર્યમાં વર્ષોથી સતત ચિત્ત ચોટાડીને અનેક વિષયો ઉપર અવારનવાર ઇતિહાસ પરિષદોનાં અધિવેશનો અને જ્ઞાનસત્રોમાં તથા સ્વતંત્ર રીતે પણ સામયિકોમાં નિબંધો રજૂ કરતા ડૉ. બાવીસીનો પસંદ કરેલા ૧૫ નિબંધોનો 'ઇતિહાસમધુ' એ શીર્ષકથી આ સંગ્રહ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે પ્રથમના બે નિબંધ ભારતવર્ષના બે નામાંકિત ઇતિહાસ-સર્જક સ્વ. શામજી કૃષ્ણ વર્મા અને કનૈયાલાલ મા. મુનશીના ચરિતથી વિભૂષિત છે. બંને સ્વાતંત્ર્ય-સેનાની અને શ્રી મુનશી તો રાજ્ય-શાસનના એક મહત્ત્વના સૂત્રધાર બની ચૂકયા હતા. સાહિત્યકાર તરીકે તો એ ગુજરાતના મૂર્ધન્ય સારસ્વતોમાંના એક છે. 'કલકત્તાનો સંક્ષિપ્ત ઇતિહાસ' એ કલકત્તાની વિશિષ્ટતા બતાવતો નિબંધ છે, તો પોતાના વતન 'લીંબડી રાજ્યની કૃષિનીતિ' તથા 'વાંકાનેર રાજ્યની હરિજન ઉપકારની નીતિ' સૌરાષ્ટ્રને લગતા નિબંધ છે. સુરતમાંના લાંબા ગાળાના નિવાસને કારણે 'સુરતમાં ખિલાફ્-ચળવળ' અને પૂર્વના 'સ્વાતંત્ર્ય-ચળવળ અને રાજપીપળા' એ નજીકના નગરને પણ અભ્યાસનો વિષય બનાવ્યો છે. 'ગુજરાતમાં હિન્દી રાષ્ટ્રિય મહાસભાનાં અધિવેશનો' 'હરિપુરા મહાસભાને લગતાં રાષ્ટ્રભક્તિનાં ગીતો' સ્વરાજ્ય માટેની લડતની ભુલાઈ ગયેલી વાતોને વાચા આપી રહ્યાં છે. 'સૌરાષ્ટ્રમાં દેશી રાજ્યોનું વહીવટીતંત્ર' એ તો તદ્દન વિસારે પડેલો વિષય જીવતો કર્યો છે.' 'આધુનિક ગુજરાતમાં ઇતિહાસ-સંશોધનની આછી ઝલક' એ આપણે ત્યાં ઇતિહાસના થતા વિવિધ વિષયોના અભ્યાસનો પરિચય સુલભ કરી આપે છે. બીજા પણ મહત્ત્વના નિબંધો સંગ્રહાયા છે ઇતિહાસના વિદ્યાર્થીઓને આ પંદરે નિબંધ માર્ગદર્શક બની રહે તેવા છે.

**૨. સ્વાતંત્ર્યસંગ્રામમાં અમરેલી - લેખક અને પ્રકાશક ડૉ. મહેબૂબ દેસાઈ, રૂવાપરી રોડ, સાંઢિયાવાડ નાકા, ભાવનગર-૩૬૪૦૦૧; ક્રા. ૧૬ પેજી પૃ. ૨૨ + ૧૬૦; ૧૯૯૧; કિં રૂ. ૩૫/-**

સૌરાષ્ટ્રના ઇતિહાસના અભ્યાસમાં રચ્યાપચ્યા રહેલા, અનેક સામયિકોમાં સંશોધનાત્મક લેખો અને નિબંધો આપતા પ્રો. ડૉ. મહેબૂબ દેસાઈ એમના કિંમતી લેખોથી 'પથિક'ના વાચકોને પરિચિત છે. આ ગ્રંથમાં એમણે 'અમરેલી'ને જીવંત કરી આપ્યું છે. દસ નિબંધો તથા ત્રણ પરિશિષ્ટો અને સંદર્ભ-સૂચિથી મંડિત આ ગ્રંથમાં ૧. પૂર્વભૂમિકા આપ્યા પછી, ૨ અમરેલીમાં અસહકારની ચળવળ, ૩. મીઠા સત્યાગ્રહમાં અમરેલી, ૪. હિન્દ છોડોની લડતમાં અમરેલી પછી ૫ ગાંધીજી અને અમરેલી વિશે જણાવતાં ગાંધીજીની અમરેલીની ત્રણ ઐતિહાસિક મુલાકાતોનો ખ્યાલ સુલભ કરી આપ્યો છે. ૬ અમરેલી અને રાજ્ય પ્રજામંડળનાં અમરેલીમાં થયેલા પાંચમું-સત્તરમું અને અંતિમ એ ત્રણ અધિવેશનો ઉપરાંત 'અમરેલી પ્રાંત પ્રજામંડળનું પ્રથમ અધિવેશન' એમ ચારે અધિવેશનોનો પ્રસંગ નિરૂપિત કર્યો છે. ૭ મો નિબંધ 'અમરેલી પ્રાંતમાં રચનાત્મક પ્રવૃત્તિઓ' નીચે 'હરિજન સેવા' 'ખાદીકાર્ય' અને ચર્માલય'ની પ્રગતિ વિશે માહિતી સુલભ છે. ૮ મો નિબંધ એ રીતે મહત્ત્વનો છે કે એમાં અમરેલીના બાવીસ જેટલા મહાનુભાવોની વિવિધક્ષેત્રે અમરેલીને મળેલી સેવાઓ વિશદતાથી સુલભ થઈ છે. ૯ મો નિબંધ 'અમરેલી પ્રાંતના સેનાનીઓની નામાવલિ અને તેમનો લડતમાં ફાળો' અને ૧૦ મો 'અમરેલી પ્રજાતંત્રના માર્ગે' એ વિષયો ચર્ચ્યા છે. ત્રણે પરિશિષ્ટો માહિતીથી સભર છે.

અમરેલીની જેમ સૌરાષ્ટ્રનાં બીજાં મહત્ત્વનાં નગરોનો આવો પરિચય ડૉ. દેસાઈ આપી શકે એમ છે. વિનંતિ કરિયે કે ?

**૩. નિજાનંદ - લેખક અને પ્રકાશક શ્રી નટવરલાલ શંકરલાલ જોષી, ૧૬ અંબિકાકુંજ સોસાયટી, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮; ક્રા. ૧૬ પેજી પૃ. ૭ + ૪૮; ૧૯૯૦; કિં. રૂ. ૧૨/-**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પથિક

'પથિક' પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫ મી તારીખે પ્રસિદ્ધ થાય છે. પછીના ૧૫ દિવસમાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં લિખિત ફરિયાદ કરવી અને એની નકલ મને મોકલવી.

- 'પથિક' સર્વોપયોગી વિચારભાવના અને જ્ઞાનનું માસિક છે. જીવનને ઊર્ધ્વગામી બનાવતાં અભ્યાસપૂર્ણ અને શિષ્ટ મૌલિક લખાણોને સ્વીકારવામાં આવે છે.
- પ્રસિદ્ધ થઈ ગયેલી કૃતિને ફરી પ્રસિદ્ધ કરવા માટે ન મોકલવાની લેખકોએ કાળજી રાખવી.
- કૃતિ સારા અક્ષરે શાહીથી અને કાગળની એક જ બાજુએ લખેલી હોવી જોઈએ. કૃતિમાં કોઈ અન્ય ભાષાનાં અવતરણ મૂક્યાં હોય તો એનો ગુજરાતી તરજૂમો આપવો જરૂરી છે.
- **કૃતિમાંના વિચારોની જવાબદારી લેખકની રહેશે.**
- 'પથિક'ન પ્રસિદ્ધ થતી કૃતિઓના વિચારો–અભિપ્રાયો સાથે તંત્રી સહ[illegible] છે એમ ન સમજવું
- અસ્વીકૃત કૃતિ પાછી મેળવવા જરૂરી ટિકિટો આવી હશે તો તરત પરત કરાશે.
- નમૂનાના અંકની નકલ માટે ૩–૫૦ ની ટિકિટો મોકલવી.

**મ.ઓ. ડ્રાફ્ટ પત્રો લેખો**
**પથિક કાર્યાલય,** મધુવન, એલિસ બ્રિજ, **અમદાવાદ-૩૮૦૦૦૬**


## દીપોત્સવાંક-પૂર્તિ : (કિં. રૂા. ૩/-)

આદ્ય તંત્રી : સ્વ. માનસંગજી બારડ

તંત્રી-મંડળ( ) વાર્ષિક લવાજમ : દેશમાં રૂ.૩૦/–
પ્રો.કે. કા. શાસ્ત્રી ( ) વિદેશમાં રૂ. ૧૧૧/-, છૂટક રૂ. ૪/–
૨. ડૉ. નાગજીભાઈ ભટ્ટી, ૩. ડૉ. ભારતીબહેન શેલત

વર્ષ ૩૧ ] માર્ગશીર્ષ., સં. ૨૦૪૮ : ડિસે.સને ૧૯૯૧ [અંક ૩


### અનુક્રમ


| | | |
|---|---|---|
| અશ્વ (ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં) | શ્રી પ્રભાતસિંહજી મો. બારોટ | ૨ |
| સાહિત્યકાર (લઘુવાર્તા) | શ્રી પીયૂષ પંડ્યા, 'જ્યોતિ' | ૯ |
| માણેક ( ,, ) | શ્રી ચંદ્રકાંત પટેલ | ૧૪ |
| શું તાનસેન મુસલમાન હતો ? | શ્રી હસમુખભાઈ વ્યાસ | ૧૯ |
| આઝાદીના આંદોલનમાં મહિલાઓનું પ્રદાન | ડૉ. મગનભાઈ આર. પટેલ | ૨૧ |
| મિયાણીની વિષ્ણુપ્રતિમા | શ્રી દિનકર મહેતા | ૨૬ |
| ટીંબા અને જોરાજી ઠાકોર | શ્રી વીરભદ્રસિંહ સોલંકી | ૨૮ |


## વિનંતિ

વાર્ષિક ગ્રાહકોએ પોતાનું કે પોતાની સંસ્થા કૉલેજ યા શાળાનું લવાજમ રૂ. ૩૦/- હજી ન મોકલ્યું હોય તો સત્વર મ.ઓ.થી મોકલી આપવા હાર્દિક વિનંતિ. **સરનામામાં ગોળ વર્તુલમાં પહેલો અંક કયા માસથી ગ્રાહક થયાનું કહે છે. એ માસ પહેલાં લવાજમ મળવું અભીષ્ટ છે.** અગાઉનાં લવાજમ એક કે એકથી વધુ વર્ષોનાં બાકી છે તેઓ પણ સવેળા મોકલી આપવા કૃપા કરે. અંક હાથમાં આવે એ ગાળામાં લવાજમ મોકલી આપનારે આવા વર્તુલને ધ્યાનમાં ન લેવા વિનંતિ.

'પથિક'ના આશ્રયદાતા રૂ. ૧૦૦૧/–થી અને આજીવન સહાય રૂ. ૩૦૧/-થી થવાય છે. ભેટ તરીકે પણ રકમો સ્વીકારવામાં આવે છે. સ્વ. શ્રી. માનસંગજીભાઈના અને 'પથિક'ના ચાહકોને 'પથિક કાર્યાલય'ના નામના મ.ઓ. કે ડ્રાફ્ટથી મોકલી આપવા વિનંતિ. આ છેલ્લી બે પ્રકારની તેમ રૂ. ૫૦ થી લઈ આવતી વધુ ભેટની રકમ અનામત જ રહે છે અને એનું માત્ર વ્યાજ જ વપરાય છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભક્તકવિ દયારામનો સારસ્વત-વારસો આથમ્યો

અત્યંત દુઃખનો વિષય છે કે ગુજરાતના મધ્યકાલીન ત્રણ ઉચ્ચ સારસ્વતો 'નરસિંહ મહેતા' 'પ્રેમાનંદ' અને 'દયારામ' એમાંના ભક્તકવિ—'બંસીબોલના કવિ' દયારામના પટ્ટ શિષ્ય રણછોડ જોશીના પુત્ર હિંમતરામ, એના છગનલાલ અને એના જીવનલાલ (જન્મ સં. ૧૯૬૮-ઈ. સ. ૧૯૧૨) એમનું અવસાન રાજકોટમાં એમના વર્તમાન નિવાસસ્થાને તા. ૧૯ મી નવેમ્બર (૮૦ મા વર્ષે) થયું મૂળ ડભોઈના વતની અને ત્યાંથી વડોદરા જઈ રહ્યા ને વકીલાતની સનદ મેળવી, દરમ્યાન મુખ્ય વિષય હિંદી સાથે એમ. એ. પણ થયા. એ દરમ્યાન ભક્તકવિ દયારામભાઈના વિષયમાં અનેક લેખો દ્વારા અને કવિશ્રીનાં કાવ્યોનાં પણ થોડાં સંપાદનો દ્વારા ખ્યાતિ પામેલા આ વિદ્વાનની રાજકોટમાં 'માતુશ્રી વીરબાઈમા મહિલા કૉલેજ' શરૂ થયા પછી હિંદીના વ્યાખ્યાતા તરીકે પસંદગી થઈ, જ્યાં નિવૃત્તિ-વયે પહોંચતાં નિવૃત્ત થયા. સેવાકાલમાં કૉલેજ પાછળની સેતુબંધ સોસાયટીમાં મકાન બાંધીને રહેતા થયા. અહીં બેસી એમણે મુખ્યત્વે ગુજરાત સાહિત્યસભા-અમદાવાદ માટે **દયારામ-રસધારાના** ૯ ગ્રંથ અને **દયારામ-ગદ્યધારાના** ૪ ગ્રંથ પોતા પાસે સચવાયેલી અને બીજેથી પણ પ્રાપ્ત દયારામભાઈના હસ્તાક્ષરોની તેમ શિષ્યોની કરેલી હસ્તપ્રતોમાંથી તૈયાર કરી આપ્યા, જે પ્રસિદ્ધ થયા (દ. ર. ધારાનો ૮ મો ગ્રંથ છપાઈ રહ્યો છે.)

એમની પાસે શ્રી દયારામભાઈ પોતાની રચનાઓ કેવા લય અને ઢાળ-તાલથી ગાતા એનો વારસો અવિકલ સચવાયેલો હતો. આપણે આ વારસો સદંતર ગુમાવ્યો છે એ ગુજરાતના સમાજને ભારે ફટકો પડ્યો છે. આનાથી વિશેષ મોટું દુઃખ શું હોઈ શકે ?

તંત્રી

---

શારીરિક અશક્તિ અગર નબળાઈ માટે આયુર્વેદિક

**અકસીર ઔષધ**

'અભ્રક ભસ્મ' (સહસ્રપુટી)

અસલ શાસ્ત્રીય પદ્ધતિએ બનાવેલ સહસ્રપુટી અભ્રક ભસ્મ

મેળવવા લખો અગર મળો :

**શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદિક સોસાયટી**

બેડી રોડ, પો. બો. નં. ૯૯

**જામનગર (૩૬૧ ૦૦૧)**

---

Phone : 49377

**SHREE GANESH AGENCIES**

Opp Taluka School No. 8,

SADAR,

R A J K O T : 360 001

Dealing In BHOR MARBLE TILES, WALL PAPERS, REXINE, ETC.

Authorised Dealers :- BHOR INDUSTRIES, LTD.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અશ્વ *

[ ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં ]

શ્રી. પ્રભાતસિંહ મો. બારોટ

**(૧) અશ્વનો પૂર્વ ઇતિહાસ** : પુરાતત્ત્વીય ખોદકામ દરમ્યાન મળી આવેલ અશ્વનાં અસ્થિ-પિંજરોના પરીક્ષણ ઉપરથી જણાયું છે કે અશ્વના વિકાસની શરૂઆત પાંચ કરોડ સાઠ લાખ વરસ પહેલાં થયેલી એના પ્રાથમિક સ્વરૂપમાં એ 'હાયરાકોથેરિયમ' પ્રાણી હતો અને એની ઉત્પત્તિની શરૂઆત દક્ષિણ અમેરિકામાં થઈ હતી. એની ઊંચાઈ બાર ઇંચ અને એને ચાર ફણા હતા, પરંતુ ચાર કરોડ વરસની બદલાતી આબોહવા સામે એ પ્રાણી ટકી શક્યું નહિ.

ત્યારબાદ ઓરિહિપસ અને ઈપિહિપસ પ્રાણીઓનો વિકાસ થયો. એ પણ હાયરાકોથેરિયમ જેવાં જ હતાં, પરંતુ એમના દાંત મજબૂત હતા.

પાછળથી પિલિઓસીન યુગમાં હાયરાકોથેરિયમ કરતાં ત્રણ ગણા મોટા કદનાં પિલિઓહિપસ પ્રાણીઓ વિકાસ પામ્યાં અને પછી એકવસનો વિકાસ થયો[1] આ પ્રાણીની ઊંચાઈ ૫૮ ઇંચ હતી. એ પૂરો અશ્વ હતો.

**એકવસ** : આ પ્રાણીની પ્રથમ ઉત્પત્તિ ઉત્તર અમેરિકામાં થઈ ત્યાંથી એનું સ્થળાંતર દક્ષિણ તરફ થયું. આ પ્રાણી 'અમેરિકાનો પ્રથમ અશ્વ' કહેવાયું. અમેરિકામાંથી દક્ષિણ આફ્રિકા, યુરોપ અને એશિયામાં એનો ફેલાવો થયો. આ પ્રાણીના શરીરના બાંધાના નિર્માણમાં પ્રાગૈતિહાસિક કાલનાં શાસનાં મેદાનોએ મોટો ભાગ ભજવ્યો હતો. પ્રાગૈતિહાસિક કાલનાં માનવોએ ટોળાં મોઢે શિકાર કરી આ પ્રાણીઓનો નાશ કર્યો હતો. ફ્રાંસના સેવૂંગે નામના સ્થળ પાસે પુરાતત્ત્વીય ખોદકામ દરમ્યાન આ પ્રાગૈતિહાસિક અશ્વનાં એક લાખ હાડકાં મળી આવ્યાં છે.

આ એકવસ પ્રાણીની ઓલાદમાંથી ભૂતળ અને આબોહવાના આધારે (૧) સ્ટેપી, (૨) જંગલી અને (૩) ટાર્પેન એમ ત્રણ અશ્વ-ઓલાદોનો વિકાસ થયો. એમાંથી ટાર્પેન અશ્વ જ આપણા કાઠિયાવાડી અને આરબ અશ્વનો પૂર્વજ છે.[2]

**ટાર્પેન** : આજે ટાર્પેન એના મૂળ સ્વરૂપમાં ઉપલબ્ધ નથી, કેવળ એનાં રૂપાંતરિત સ્વરૂપો જ જોવા મળે છે. એના શરીરની રચનામાં નાનકડી મોકલી, મોટું માથું, નાના કાન, મોટી આંખો, સીધો અંતર્ગોળ ચહેરો, ટૂંકી વેલ, સશક્ત અને સહનશીલ શરીર, ઓછું વજન, પગ લાંબા અને પાતળા, મધ્યમ કદના અને મજબૂત ડાબલા, લાંબી કેશવાળી, ઉંદર જેવો ભૂંખરો રંગ અને પીઠ તથા પગો ઉપર કાળા પટા હોય છે.[3]

**(૩) સાહિત્યમાં અશ્વ** : વેદોમાં અશ્વ વિશે અનેક વિચારો વ્યક્ત થયા છે. એમાં અશ્વની ઉત્પત્તિને માનવજાત માટે ઉત્સવનો દિવસ ગણાવ્યો છે

**રામાયણ** : કૈકેયીએ મહારાજ દશરથના રથનું સારથિપણું કર્યું હતું. રામવિવાહમાં અશ્વના નૃત્યનું વર્ણન આવે છે. શ્યામકર્ણ અશ્વનું વિચરણ અને એના અશ્વમેધ યજ્ઞમાં બલિદાનની વાત આવે છે.

**મહાભારત** : મહાભારતમાં ભીષ્મપર્વ મા યુદ્ધપર્વમાં અશ્વનું વિવેચન આવે છે. ભગવાન શ્રી-કૃષ્ણ એ વખતના શ્રેષ્ઠ સારથિ હતા. પાંચમો પાંડવ નકુલ અશ્વ-ઉછેરની વિદ્યામાં પારંગત હતો. મહા-ભારત યુદ્ધના સમયમાં અશ્વદળનો યુદ્ધમાં ઉપયોગ થયો હતો.

**અગ્નિપુરાણ** : આ પુરાણના ૨૮૯ મા અધ્યાયમાં 'શાલિહોત્રસંહિતા'નો સાર આપ્યો છે.

* સૌરાષ્ટ્ર-કચ્છ ઈતિહાસ પરિષદ-૮ મા ઊના-અધિવેશન-તા. ૧૨-૧-૯૧ નો



For Private and Personal Use Only

**શાલિહોત્રસંહિતા :** અશ્વનું સૂક્ષ્મથી અતિસૂક્ષ્મ વૈજ્ઞાનિક વિવરણ 'શાલિહોત્રસંહિતા'માં આપ્યું છે. શાલિહોત્ર ઋષિ ભગવાન શ્રીકૃષ્ણના ગુરુ સાંદીપનિના પણ ગુરુ હોવાનો ઉલ્લેખ મળે છે. શાલિહોત્ર ઋષિએ અશ્વસંબંધી પરંપરાગત સંશોધનોનો બારીક અભ્યાસ કરી, સ્વયં પરિભ્રમણ કરી અશ્વનાં તમામ પાસાંઓનો અભ્યાસ કર્યો અને માનવકલ્યાણ માટે અશ્વારોહણની એક વિશિષ્ટ પદ્ધતિ દર્શાવતી 'શાલિહોત્રસંહિતા'નું નિર્માણ કર્યું, જે આજે પણ પૂર્ણપણે ચરિતાર્થ છે. એમાં (૧) અશ્વનું સ્વભાવદર્શન, (૨) અશ્વના વર્ણભેદ–પંચમહાભૂતો પ્રમાણે છાયાપરીક્ષણ, (૩) અશ્વનું સામુદ્રિક શાસ્ત્ર, (૪) અશ્વની આયુર્વેદિક ઉપચારપદ્ધતિ, (૫) શકુનશાસ્ત્ર, (૬) સારથિવિદ્યા, (૭) અશ્વનાં માપ અને (૮) જ્યોતિષનું વિશદ વર્ણન કર્યું છે. એમાં પણ અશ્વનાં ૩૫ આકાર સૌંદર્ય અને શક્તિની બાબતમાં 'શાલિહોત્રસંહિતા' આજે પણ અર્વાચીન જેવી અને અદ્ભુત છે. એનું હાર્દ પામી આજે પણ પશ્ચિમના લોકો દંગ રહી જાય છે.

ત્યારબાદ અશ્વ વિશેની લિખિત માહિતી ઈ.સ. પૂ. ૭૩૦ થી ઈ.સ. ૩૫૬ વચ્ચે થઈ ગયેલ ગ્રીક અશ્વવિશારદ "ઝેનોફોન" (Xenophon) ગ્રીક અશ્વની ઐતિહાસિકતા તેમ ઉપચાર શિક્ષણ અને વિશિષ્ટતાઓનું વર્ણન કર્યું છે.[૪]

ત્યારબાદ ધારાપતિ મહારાજ ભોજ–વિરચિત 'શાલિહોત્ર'માં એ સમયના અશ્વનું વિવરણ આવે છે. મુખ્યત્વે એ 'શાલિહોત્રસંહિતા'ના આધારે જ લખાયેલું છે.

પાછળથી રચાયેલા ગ્રંથોમાં અશ્વની બાબતમાં ગ્રંથકર્તાઓ 'શાલિહોત્ર'ના વિચારોને જ વાગોળતા જણાય છે.

**(૩) શિલ્પ સ્થાપત્ય અને ચિત્રકલામાં અશ્વ :** પ્રાગૈતિહાસિક કાલના માનવે શિલ્પ-ચિત્રોમાં કરેલું અશ્વનું આલેખન એ સમયના એકત્રસને મળતું આવે છે.

મિસરની ચિત્રલિપિમાં મળી આવતું અશ્વનું આલેખન આપણા રૂપાળા આરબ કે કાઠિયાવાડી અશ્વને મળતું આવે છે.

સેમેટિક સભ્યતાનાં મળી આવેલાં શિલ્પોમાં યુદ્ધભૂમિ પર અશ્વ વધારે વજનદાર અને માંસલ લાગે છે.

ગ્રીક અને રોમન સભ્યતાઓના અશ્વ વજનદાર મોટા કદના અને માંસલ લાગે છે. એ સ્ટેપી અથવા જંગલના અશ્વમાંથી ઊતરી આવ્યા હોય એવું દેખાય છે.

મૌર્યવંશનાં ભારતીય ચિત્રોમાં અશ્વને ગતિવાળો, ટૂંકી ગરદનનો અને વાંકી ડોકવાળો બતાવ્યો છે. રાષ્ટ્રચિહ્નમાં છે. ગાંધારિક સભ્યતાનાં ચિત્રોમાં અશ્વો રૂપાળા ગતિવાળા અને 'શાલિહોત્ર'માં વર્ણવેલ અશ્વોને મળતા આવે છે.

સૌરાષ્ટ્રનાં સૈંધવ અને મૈત્રક કાલનાં શિલ્પોમાં પણ અશ્વ 'શાલિહોત્ર'માં વર્ણવેલા અશ્વો જેવા જ છે, પરંતુ એમાં રહેલી સવારોની વેશભૂષા વધારે બારીકી-વાળી છે.

જેઠવાઓના રાજ્યકાલનાં ધૂમલીનાં તોરણોમાં યુદ્ધ અને શિકારની સ્થિતિમાં કંડારેલા અશ્વો વાંકી ડોક, ટૂંકી ગરદન, પૂંછડાં અને પગના આકાર પરથી સંપૂર્ણપણે 'શાલિહોત્ર'માં વર્ણવેલ શ્રેષ્ઠ અશ્વો જેવા જ લાગે છે.

જાડેજા ચિત્રશૈલીમાં આલેખાયેલાં અને સોલંકી યુગની પાટણની વાવમાં આલેખાયેલાં શિલ્પોમાંનું કલ્કિ–અવતારનું શિલ્પ દેખાવમાં વધારે કાવ્યાત્મક હોય એવું લાગે છે, છતાં પણ એમાં 'શાલિહોત્ર'ના અશ્વ સાથેનું સામ્ય તો રહેલું જ છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વામિનારાયણ સંપ્રદાયની ચિત્રકળામાં 'માણકી' નામની કાઠિયાવાડી ઓલાદનું વધારે આલેખન કરવામાં આવ્યું છે. એમાં 'શાલિહોત્ર'નાં પૂરાં માપ નથી, છતાં પણ અશ્વનું આલેખન ધારદાર, ગરમ રંગોવાળું અને કાવ્યાત્મક છે.

અંગ્રેજ સમયના અશ્વનાં છાયાચિત્રોમાં કાઠિયાવાડી અશ્વનાં બાર (ચિહ્નો)માંથી મોટા ભાગના બાબ જોવા મળે છે અને એ સંપૂર્ણ રીતે 'શાલિહોત્ર'ને મળતા આવે છે.

સૌરાષ્ટ્રમાં ઠેર ઠેર જોવા મળતા પાળિયા અને ભરત-ગૂંથણના ચાકળા-ચંદરવામાં કંડારેલો અશ્વ વધારે કાવ્યાત્મક અને સરળ છે. એમાંના ઘાટા રંગો, રેખાની તાલબદ્ધતા અને રંગોનું સંયોજન અદ્ભુત અને આકર્ષક લાગે છે.

સૌરાષ્ટ્રનાં જૂનાં રજવાડાંઓની રાજધાનીઓ તથા મુંબઈમાં જોવા મળતાં અશ્વનાં બાવલાંઓ અઢારમી અને ઓગણીસમી શતાબ્દીમાં બન્યાં છે, પરંતુ એમાં જામનગરના લાખોટા તળાવમાં આવેલું બાબ ધરાવતા કાઠિયાવાડી અશ્વનું બાવલું છે. 'શાલિહોત્ર'માં વર્ણવેલાં અશ્વનાં શ્રેષ્ઠ માપ એમાં કાળજીપૂર્વક કંડારેલાં છે.

**(૪) આરબ અશ્વનો ટૂંકો ઈતિહાસ :** પ્રાગૈતિહાસિક કાલના "એકવસ" પછી આવેલ "ટાર્પેન" ઓલાદનો અશ્વ દક્ષિણ એશિયાના આરબ સિંધી પંજાબી અને કાઠિયાવાડી અશ્વોનો પૂર્વજ છે.

મહંમદ પેગંબર સાહેબે સ્થાપેલા ઇસ્લામ ધર્મના પ્રસાર-પ્રસાર અને મુસ્લિમ સામ્રાજ્યની સ્થાપનામાં આરબ અશ્વનો અકલ્પનીય ફાળો છે. ઇસ્લામમાં આ અશ્વને "ગાઝીમર્દ" કહ્યો છે. આરબ અશ્વ વિશે અનેક કથાઓ અને મરશિયા પ્રચલિત છે.

આરબોએ આ અશ્વને પોતાની જ જરૂરિયાત માટે અરબસ્તાનમાં સહેલાઈથી મળતાં ઊંટનું દૂધ, સૂકું માંસ તથા સૂંડલા-મોઢે તીડ ખવડાવીને ઉછેર્યો છે. અરબસ્તાનના પહાડી પ્રદેશ તથા સમશીતોષ્ણ રણની સૂકી આબોહવાએ એને ખૂબ જ શક્તિશાળી અને મજબૂત બનાવ્યો છે. આરબ અશ્વ આરબ સંસ્કૃતિ અને જીવનમાં વણાઈ ગયો છે તથા આરબોનો હૃદયંગમ મિત્ર બની ગયો છે.

પ્રથમ વિશ્વયુદ્ધ પછી અંગ્રેજ લશ્કરમાંના વેલર ઘોડાઓને પરત લઈ જવાને બદલે અરબસ્તાનના રણમાં છૂટા મૂકી દીધા હતા. આરબ ઘોડાંઓ સાથેના એમના સહચારથી આરબ ઘોડાની ઓલાદમાં ઘણી સંકરતા દાખલ થઈ છે. આરબ અશ્વનાં સંરક્ષણ અને સંવર્ધન માટે આજથી સો વરસ પહેલાં લેડી વેન્ટવર્થે આરબ અશ્વોના એક નોંધણી-ટ્રસ્ટની સ્થાપના કરી છે. આરબ અશ્વનાં સંરક્ષણ અને સંવર્ધન માટે એણે જબ્બર કામ કર્યું છે. છેલ્લાં ચાળીસ વર્ષોથી શાહ હુસેન ઓફ જોર્ડને પણ નોંધપાત્ર કામ કર્યું છે. શ્રી રિઝનાલ્ડ થીમ્મનું માનવું છે કે આરબ અશ્વ ભારતની વિકસિત સભ્યતામાંથી આવ્યો છે.[૫]

સૌરાષ્ટ્રના જાણીતા અશ્વવિદ અને અંગ્રેજી અરબી તથા ભારતીય સભ્યતા અને અશ્વસાહિત્યના મર્મજ્ઞ વળી ખૂબ જ સારા સવાર પંડિત નરેન્દ્રપ્રકાશ પંડ્યાનાં આરબ અશ્વ વિશેના તારણો નીચે પ્રમાણે છે :

૧. મહાભારતના યુદ્ધ પછી અશ્વત્થામાને બાહ્લિક દેશમાં દેશનિકાલ કરવામાં આવ્યો હતો. સેમેટિક સભ્યતાનો એ અંતભાગ હોવાનું અનુમાન છે.

૨. ભારદ્વાજ ગોત્રના આ બ્રાહ્મણોને આરબ સમાજમાં બનીસફાલી અથવા હુસેની બ્રાહ્મણો કહેલ છે. એમના કબીલાઓએ દમીશ્કને જીતી, ઈમામહુસેનનું માથું લાવી, કરબલામાં રહેલ શબ સાથે જોડી આખરી રસમ કરી હતી.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૩. હદીસમાં મહંમદ પેગંબરના લશ્કરનાં મળતાં વર્ણનોમાં ફક્ત ત્રણ જ અશ્વ હોવાનો ઉલ્લેખ છે.

૪. ઈસ્લામના ઈતિહાસમાં ઈજિપ્ત પર કરેલા આક્રમણ વખતે દુલદુલ (સૂર્યપાશા) પેગંબર સાહેબને ઈજિપ્તના સમ્રાટે ભેટ આપી હતી એવો ઉલ્લેખ છે.

૫. સેમિટિક સભ્યતાના મળી આવેલા અવશેષોના પરીક્ષણના આધારે જણાયું છે કે હડપ્પીય સભ્યતા વધારે અર્વાચીન છે. (પુરાતત્ત્વવિદ્ શ્રી ચિત્તળવાળા)

(૬) આરબ અને કાઠિયાવાડી અશ્વોના માપમાં રહેલું સામ્ય આરબ અશ્વ ભારતવર્ષમાંથી અરબસ્તાન ગયો હોય એવો નિર્દેશ કરે છે.

આરબ અશ્વનું માપ: આ અશ્વની ઊંચાઈ ૫૮ ઇંચ હોય છે. આનાથી વધારે ઊંચાઈવાળા આરબ કે કાઠિયાવાડી અશ્વ ન કહી શકાય. એનો રંગ ભુરો રાખોડી અને બદામી હોય છે. એ સ્વભાવે અસાધારણ જોખમ અને ગતિવાળો છે. એ ક્રોધી, ચંચળ, અતિતીવ્ર બુદ્ધિવાળો, દિમાગબાજ, વફાદાર છે અને ભૂખ તરસ થાક વગેરે વેઠી શકે છે.

**(૫) કાઠિયાવાડી ઘોડાનો વિકાસક્રમ:** ઈ. સ પૂર્વેની બીજી શતાબ્દીથી ઈસુ પછીની દસમી શતાબ્દી દરમ્યાન એણે આગળ વધવાનું શરૂ કર્યું અને ધીમે ધીમે સિંધ સૌવીર અને કચ્છમાં થઈ સૌરાષ્ટ્રમાં કાયમી વસવાટ કર્યો. ભારતમાં એનું આગમન સિકંદરની ચડાઈ સાથે થયું હતું. ઈસુની દસમી શતાબ્દીમાં કચ્છની મુસ્લિમ અને જાડેજા સત્તાઓથી પરાસ્ત થઈ કચ્છના ઉત્તર ભાગમાંથી સૌરાષ્ટ્રમાં દાખલ થઈ એના મધ્યભાગમાં વસ્યા તે કાઠી કહેવાતા હતા.

દસમીથી પંદરમી શતાબ્દીમાં સૌરાષ્ટ્રમાં (૧) ચૂડાસમા, (૨) પરમાર, (૩) વાઘેલા, (૪) જેઠવા, (૫) ગોહિલ, (૬) ઝાલા, અને (૭) જાડેજાઓનાં રાજ્યો હતાં. આ રાજ્યોની ચડતી પડતી અને સીમાઓની ફેરબદલી થતી રહેતી હતી, પરંતુ મહમૂદ ગઝનવીના આક્રમણ અને સોમનાથની સખાતના યુદ્ધમાં સૌરાષ્ટ્રનું લડાયક ખમીર તેમ અશ્વબળ તૂટી ગયું હતુ. એ સમયે કાઠીઓએ સૌરાષ્ટ્રમાં આવી અત્યારનાં થાન અને ચોટીલા પાસે થાણાં નાખ્યાં. ભૂચરમોરીની લડાઈમાં લોમો ખુમાણ દસહજારના લશ્કર સામે લડયો હતો. કાઠીઓએ આથમતી મુઘલાઈ અને ઉદય પામતી મરાઠા સત્તાના સંધિકાળમાં થાન ચોટીલા જેતપુર દેરડી અમરેલી વગેરે સ્થાનોમાં પોતાના નાનાં રાજ્યો સ્થાપ્યાં. કાઠીઓની આ સત્તાની જમાવટમાં કાઠી અશ્વનું મોટું યોગદાન હતું. કાઠીઓની યુદ્ધપદ્ધતિ અશ્વો પર આધારિત હતી તેથી એમણે ઉચ્ચ લાખમના અશ્વોની એક અદ્ભુત ઓલાદનું નિર્માણ કર્યું. સૌરાષ્ટ્રનું ડુંગરાળ ભૂતળ તેમ અનુકૂળ આબોહવા મહાભારત યુદ્ધના કાલથી પરંપરાગત રીતે ચાલી આવતી અશ્વવિદ્યા, અશ્વનિર્માણના આરબોના અનુભવો, વગેરેનો આધાર લઈ, કાઠીઓએ પોતાની આગવી સૂઝથી સાત પેઢી સુધી પરિશ્રમ કરી કાઠી ઘોડાની ઓલાદનું નિર્માણ કર્યું. કાઠીઓએ નિર્માણ કરેલી નામી ઓલાદો નીચે પ્રમાણે છે:

**(૬) આરબ અને કાઠિયાવાડી અશ્વનો તુલનાત્મક અભ્યાસ:**

૧. રોઝી ગલદાર, રોઝી ફૂલમાળ

૨. માણકી, પીરાણી તાજણ, કેસર પટ્ટી બેરી અને લખી.

૩. અબલખો, બાવળો, સરખંગ અને કયાડો

૪. ચાર પગ અને કપાળમાં સફેદ ટીલી એમ પાંચ શ્વેત અંગોવાળો પંચકલ્યાણી



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૫. ઉપર્યુક્ત પાંચ અંગો અને છઠ્ઠી સફેદ આંખો તથા જાંબૂડિયાનાન-વાળો, છ શ્વેત અંગોવાળો જયમંગલ

૬. ઉપર્યુક્ત છ શ્વેત અંગો સાથે શ્વેત કેસવાળી તથા પૂંછડું એમ આઠ શ્વેત અંગોવાળો અષ્ટમંગલ

૭. ચોરસ વિકસિત છાતીવાળો રામપાશા ૮. મહાના જેવી છાતાવાળો સૂરજપાશા

ઉપર્યુક્ત ઓલાદોને આરબો ખ્રુશેન અલ્મુસ્તફા નિખાલસ દુલદુલ ગાઝી આલામુરાદ વગેરે નામોથી સંબોધે છે. આરબ અને કાઠી બંને અશ્વોનો પૂર્વજ ટાર્પેન છે અને બંનેની સગોત્રીયતાને લીધે જ એમનામાં સંકરતા નથી આવી.

બંને અશ્વોનાં માપ ૧૬-૫-૧૬ અને ઊંચાઈ ૫૮" છે. બંને અશ્વોની મોકલી તેમ ફેરણી, આંખ, ગ્રીવા, પીઠ. પાછલા પગના મુરપા, જાંઘ, પૂંછડું, વિભાજન, ડાબલા અને એના ખૂણા, મેંઢાનું વાંકું છાજલું, વાંકી ડોક, અસ્થિપિંજર સમાન છે, તફાવત માત્ર કાનનો છે, આરબના કાન મોટા અને કાઠિયાવાડી અશ્વના કાન નાના છે. વળી લડાઈ, સો મીટરની દોડ, પોલો અને શિકારમાં બંનેની ઉપયોગિતા બેનમૂન અને સમાન છે, બંને અશ્વ 'વાલી ઘોડા' તરીકે શ્રેષ્ઠ છે, છતાં પણ કાઠિયાવાડી અશ્વ રૂપ રંગ બુદ્ધિ અને તાકાતમાં આરબ અશ્વ કરતાં શ્રેષ્ઠ છે.

આ બંને અશ્વોનાં માપ પુરાતન કાળથી અઢારમી સદી સુધી જળવાઈ રહ્યાં, પરંતુ લડાઈમાં અશ્વોનું સ્થાન યાંત્રિક વાહનોએ લીધું ત્યારથી આ બંને અશ્વોનો 'વાલી ઘોડા' તરીકે ઉપયોગ કરી થરોબ્રેડનું નિર્માણ કર્યું અને આ માનવજાત માટે અનેક યુદ્ધોમાં વિજય અપાવનાર ગાઝી મર્દને મનોરંજનનું સાધન બનાવી દીધો તથા વેલર અશ્વને માલ અને તોપો ખેંચવા માટે બનાવ્યો. થરોબ્રેડ અને વેલર બંને 'વાલી ઘોડા' તરીકે નબળા છે. એનો 'વાલી ઘોડા' તરીકે ઉપયોગ કરી આરબ અને કાઠિયાવાડી ઘોડાઓનાં પરંપરાગત માપ ભૂંસીને એમાં સંકરતા લાવી દીધી.

સને ૧૮૮૧ માં લખાયેલ 'કાઠિયાવાડ' સર્વસંગ્રહ'ના પાશ્ચાત્યતાપ્રિય અને અંગ્રેજ લેખકોએ કોમોના ઈતિહાસમાં કાઠીઓ અશ્વની બાબતમાં રૂઢિચુસ્ત-હોવાથી એમને જિદ્દી અને મિથ્યાભિમાની કહી અવગણ્યા છે અને કાઠિયાવાડી ઘોડાને સૌરાષ્ટ્રને કિનારે આરબ અશ્વો લઈ જતું વહાણ તૂટી પડતાં રહી ગયેલા આરબ અશ્વોથી નિર્માણ થયેલી વર્ણસંકર અર્વાચીન ઓલાદ કહી છે. આ બંને મંતવ્ય પાશ્ચાત્યતાની તરફદારી અને રાજકીય પૂર્વગ્રહથી ભર્યાં છે. આજે પણ સૌરાષ્ટ્રમાં ૧૦ થી ૧૧ માપવાળાં ઘોડાં મળે છે અને આજે પણ જૂનાં માપ સચવાઈ રહેલાં મળે છે એ કાઠીઓના ઘોડાંની બાબતમાં સ્વાભિમાનીપણાને આભારી છે. એમ ન હોત તો 'શાલિહોત્ર'થી આજ સુધીનો કાઠીઓના અશ્વસર્જનનો ઈતિહાસ તેમ ભારતીય ચિત્રકળા શિલ્પ અને ચાકળા-ચંદરવાના ભરતગૂંથણમાં કાઠી અશ્વ રહ્યો ન હોત.

આ મહાન અશ્વના નિર્માણમાં કાઠીઓએ કર્યું છે તેટલું જ બીજા અશ્વ ઉછેરનાર અને સોદાગર તરીકે ચારણોએ કર્યું છે. આ અશ્વોના ગુણોની અને અશ્વને દાનમાં આપવાની ઘણીબધી વાતો લોક-સાહિત્યમાં ઉપલબ્ધ છે. અશ્વનાં રૂપ રંગ શૌર્યને બિરદાવતાં ગીતો છંદ દુહા છપ્પય અને કુંડળિયા લખ્યાં છે તથા એનાં શુભ લક્ષણો અને માપનાં સબળ કાવ્યો આજે પણ ગુંજે છે. ચારણોએ આ અશ્વની કીર્તિને સોમનાથથી ઉત્તર પ્રદેશ સુધી વિસ્તારી છે.

(૧) આ મહાન અશ્વના ઉછેર માટે સૌરાષ્ટ્રનાં જૂનાં રજવાડાંઓમાં અશ્વશાળાઓ હતી તથા એમાં જૂનાગઢ રાજ્ય પાસે સારા કાઠિયાવાડી અને આરબ અશ્વો હતા, આવા અશ્વોને આરબોએ પાણી ઘોડા તરીકે ખરીદ્યાના દાખલાઓ છે. આ અશ્વઉછેર-કેન્દ્રો આજે પણ કાર્યરત છે.

(૨) જામનગર રાજ્ય પાસે પણ અશ્વિનીકુમાર અને આલામુરાદ અશ્વો હતા તથા રાજાએ પોતાના રાજકવિ શ્રી નારણદાનજી બાલિયા પાસે "અશ્વ-પરીક્ષણ" ગ્રંથ તૈયાર કરાવ્યો હતો.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૩) ભાવનગર રાજ્ય પાસે પણ કાઠિયાવાડી અને આરબ અશ્વો તથા પોલોના જાણકાર ખેલાડી હતા.

(૪) વીરપુર રાજ્ય પાસે 'ચંદ્રહાસ' નામનો કાઠિયાવાડી અશ્વ હતો. તદુપરાંત "આપ" અને બીજા કાઠિયાવાડી અશ્વો હતા તથા એક ભવ્ય 'કપ' પણ મેળવેલ.

(૫) જેતપુર રાજ્ય પાસે 'શાહજહાં' નામનો કાઠિયાવાડી રેથલ (આરબ) 'સૂરજદેવળવાળા' અને "બ્યુટી' નામના કાઠિયાવાડી અશ્વો હતા.

(૬) પાટડી રાજ્ય પાસે પણ મોટું અશ્વઉછેર–કેંદ્ર હતું.

(૭) જસદણ રાજ્ય પાસે થરોબ્રેડ અથવા રેઈસના ઘોડાઓને ઉછેરવાનું મોટું કેંદ્ર હતું અને એમાંથી મોટું આર્થિક ઉપાર્જન થતું હતું.

આ સિવાય અનેક કાઠી દરબારો, રાજપૂતો તથા બીજી અનેક કોમોએ આ અશ્વના ઉછેરમાં યોગદાન આપ્યું છે અને આજે પણ સૌરાષ્ટ્રમાંથી હજારો ઘોડાઓનું બહાર વેચાણ થાય છે.

મહારાણા પ્રતાપનો 'ચેતક' અશ્વ સૌરાષ્ટ્રના હળવદ તાલુકાના આંબરડી ગામનો હતો અને મહારાણાએ અશ્વ–પરીક્ષણ પછી આંબરડી ગામના 'રાબ' ચારણો પાસેથી ખરીદો હતો.[૭]

ટીપુ સુલતાને સારા ઘોડા અને હથિયાર ખરીદવા માટે કચ્છમાં પોતાનો વજીર રાખ્યો હતો.

સ્વામિનારાયણ ભગવાનની 'માણકી' ઘોડી કાઠિયાવાડી ઓલાદની હતી.[૮]

કાઠિયાવાડી અશ્વની ઓલાદનાં સંવર્ધન અને સંરક્ષણ માટે સૌરાષ્ટ્રના બાહોશ પોલીસ ઓફિસરો, અશ્વવિદ કાઠીઓ અને ભુવનેશ્વરીપીઠ–ગોંડળના આચાર્યશ્રી તથા અનેક રાજવીઓ આજે પણ ચિંતિત છે.

આ મહાન અશ્વનાં સંવર્ધન તથા સર્વેક્ષણ અને નોંધણીની જરૂર છે, જેથી અશ્વમાં રહેલ બાબ(માપ), તત્ત્વપરીક્ષણ, સામુદ્રિક અને બીજી વિગતોનો અભ્યાસ કરી શ્રેષ્ઠ 'વાજિ' ઘોડા તથા ઘોડીઓને તારવી અને કાઠિયાવાડી અશ્વને શ્રેષ્ઠ તથા સક્ષમ બનાવી શકાય.

## સંદર્ભો

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | ગાઈડ ટુ ધ | હોર્સીઝ | ઓફ ધ | વર્લ્ડ | પૃષ્ઠ | ૧૧ |
| ૨ | ,, | ,, | ,, | ,, | ,, | ૧૨ |
| ૩ | ,, | ,, | ,, | ,, | ,, | ૧૪ |
| ૪ | ,, | ,, | ,, | ,, | ,, | ૧૦૬ |
| ૫ | ,, | ,, | | | | |

૬ કાઠિયાવાડનાં રજવાડાંના અશ્વઉછેર–કેંદ્રોની માહિતી (૧) પંડિત નરેન્દ્રપ્રકાશ પંડ્યા

(૨) વીરપુર દરબાર સાહેબ

(૭) "અશ્વ–અંક" ઊર્મિનવરચના–૪૬૩

(૮) ભારતમાં અંગ્રેજી રાજ્ય, પંડિત સુન્દરલાલજી

**નોંધ :** શ્રીભુવનેશ્વરીપીઠના આચાર્ય શ્રીઘનશ્યામજી મહારાજે આ વર્ષના માર્ચ (૧૯૯૧)માં પ્રસિદ્ધ કરેલી ૬૪ પાનાંની **'કાઠિયાવાડી અશ્વો'** શીર્ષકવાળી પુસ્તિકા અનેક ચિત્રોવાળી પ્રસિદ્ધ કરી છે. કાઠિયાવાડી અશ્વને આ પુસ્તિકામાં અનેક પ્રકારના પરિચયોથી સુસજ્જ કરવામાં આવ્યો છે. ગુજરાતી ભાષામાં આવો અનન્ય કહી શકાય તેવો પ્રયત્ન અશ્વો વિશે માહિતી ઈચ્છતા જિજ્ઞાસુઓને ખૂબ ઉપકારક થશે.

–તંત્રી



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાહિત્યકાર

[લઘુવાર્તા]

શ્રી પીયૂષ પંડ્યા, 'જ્યોતિ'

મૂર્ધન્ય કવિ અને વાર્તાકાર પ્રો. ઉમાકાંતના પ્રમુખસ્થાને શહેરમાં સાહિત્ય પરિષદનું સંમેલન યોજાયું છે. બે દિવસના સંમેલનનું આજે ઉદ્ઘાટન છે. ઉદ્ઘાટનના સ્થળે બાંધેલ શમિયાણો સર્જકો અને સાહિત્યરસિકોથી ખીચોખીચ ભરાયો છે. સંમેલનના ઉદ્ઘાટન પૂર્વે સ્વાગત સમિતિના અધ્યક્ષ અને દેશના અગ્રગણ્ય ઉદ્યોગપતિ પ્રકાશચંદ્ર શાહ પ્રવચન કરવા માઈક પાસે જઈ રહ્યા છે. પચાસની આજુબાજુની વય ધરાવતા, સુંદર, હસમુખા વ્યક્તિત્વવાળા પ્રકાશચંદ્ર પોતાનું સહજિક સ્મિત ફરકાવતા માઈક પાસે આવી શ્રોતાગણો પર નજર ફેરવી બોલ્યા : "સાહિત્ય પરિષદના આદરણીય પ્રમુખશ્રી ! સર્જક અને સાહિત્યરસિક મિત્રો ! સાહિત્ય પરિષદના સંમેલન માટે રચાયેલી સ્વાગત સમિતિના અધ્યક્ષ તરીકે હું આપ સહુનું સહર્ષ સ્વાગત કરું છું અને અમારા આ શહેરમાં આવું સંમેલન યોજવા માટે પ્રો. ઉમાકાંતનો આભાર માનું છું. જો એઓએ સંમતિ ન આપી હોત તો આજે આ સંમેલન અહીં યોજી શકાયું ન હોત. શહેરનો ઉદ્યોગપતિ હોવાથી અને અનેક સાર્વજનિક સંસ્થાઓનાં સંચાલક મંડળોનો પ્રમુખ હોવાથી મને સ્વાગત સમિતિનો અધ્યક્ષ બનાવ્યો છે, પરંતુ સંમેલનની યોજના માટે નાણાં–થોડાંક નાણાં આપ્યા સિવાય મેં કશું જ કર્યું નથી. પ્રો. ઉમાકાંતે મને સ્વાગત સમિતિનો અધ્યક્ષ બનાવ્યો, મારા ટ્રસ્ટની સ્કૂલના સાહિત્યપ્રેમી પ્રિન્સિપાલે મારું અધ્યક્ષીય ભાષણ તૈયાર કર્યું, જે છાપેલું આપ સહુના હાથમાં છે તે મારે વાંચીને તમારો સહુનો સમય બગાડવાની જરૂર નથી. હું સંમેલનની શુભેચ્છાઓ પાઠવી બેસી જવાની રજા લઉં છું." આટલું કહી એમણે ઉપસ્થિત માનવસમુદાયને નમસ્કાર કર્યા. શ્રોતાઓએ એમને તાળીઓથી દાદ આપી. બે મિનિટ સુધી તાળીઓ પડતી રહી. પ્રો. ઉમાકાંતે એની નોંધ લીધી હોય એવું લાગ્યું. એમણે પરિષદના મંત્રીને હાથનો ઈશારો કરી, પાસે બોલાવી એઓ આવ્યા ત્યારે એમના કાનમાં કંઈક કહ્યું અને મંત્રીશ્રી માઈક પાસે ગયા, એટલી વારમાં તો પ્રકાશચંદ્ર પોતાના સ્થાને જઈ બેઠક પર ગોઠવાઈ ગયા હતા.

મંત્રીશ્રીએ સાહિત્ય પરિષદના પ્રમુખશ્રીને સંમેલનનું ઉદ્ઘાટન દીપ પ્રગટાવી કરવા માટે વિનંતી કરી ત્યારે માઈકની બાજુમાં રાખેલ ત્રણ ફૂટ ઊંચી ધાતુની કલાત્મક દીવી પાસે મંચ ઉપર બેઠેલા મહાનુભાવો વીંટળાઈ વળ્યા. પ્રો. ઉમાકાંતે દીપ પ્રગટાવી ઉદ્ઘાટન કર્યું ત્યારે એમની પાછળ પ્રકાશચંદ્રે વાદળાંઓની બનેલી માનવ-આકૃતિ જોઈ. એમને આવી આકૃતિ જોઈ નવાઈ લાગી, પરંતુ તરત મનમાં થયું : "ઉમાકાંતની વિદ્વત્તાની આભા હશે. તપસ્વી સાહિત્યકારોને આવી આભા દેખાતી હોય છે..."

ઉમાકાંત પ્રવચન કરવા માઈક પાસે ગયા અને અન્ય મહાનુભાવોએ પોતપોતાની બેઠક લીધી. સાહિત્ય પરિષદના ઉદ્ઘાટનનું પ્રવચન મૂર્ધન્ય કવિ-લેખક-વિવેચક પરિષદના પ્રમુખપદેથી કરતા હોય ત્યારે એમાં ભાષાના વૈભવની સાથે સાહિત્યક્ષેત્રની વિદ્વત્તા તો હોય જ ને ? એમાં વળી ઉમાકાંત જેવો મિષ્ટ વાણીનું વરદાન પામેલ પ્રોફેસર બોલે ત્યારે અઘરો વિષય પણ સરલ પ્રવાહી બની જાય એમાં શી નવાઈ ! બધા રસથી સાંભળતા હતા. પ્રકાશચંદ્ર પણ સાંભળવામાં લીન થઈ ગયેલા ત્યાં એકાએક એમને પોતાના કાન પાસે ઊંડેથી ધીમે ધીમે બોલાતો અવાજ સંભળાયો કે "વાણીવિલાસ કરી રહ્યો છે! આ ઉમાકાંત કેવળ શબ્દોને રમાડી રહ્યો છે." પ્રકાશચંદ્રે અવાજ આવ્યો એ દિશા તરફ ડોકું ફેરવ્યું ત્યાં એને પેલો વાદળા જેવો માનવ-આકાર જોવા મળ્યો ! એમને બહુ આશ્ચર્ય થયું. એમને મનમાં થયું "ઉમાકાંતની આભા આ શું કહે છે?..." વધુ વિચારે ત્યાં પાછો કાન



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાસે અવાજ સંભળાયો. : "જુઓ, જુઓ, શું કહે છે પેલો ! હવે એ તમને પ્રહાર કરે છે ! સાંભળો, એ કહે છે કે 'ધનવાનો ધન આપે છે, પણ સાહિત્ય સંમેલનો એમનાથી નથી થતાં, સાહિત્ય સંમેલનો તો સાહિત્યકારોથી ભરાય છે, ધનવાન થોડો સાહિત્યકાર થઈ શકવાનો છે ?...' 'જોયું' એનું અસલી રૂપ ? તમે એના કરતાં મોટા સાહિત્યકાર થઈ શકો એમ છે. તમારે થવું છે ?... હું કહું એમ કરો તો થવાય..."

પ્રકાશચંદ્ર દિંગ્મૂઢ થઈ ગયા. પળ બે પળ પછી એમણે કાન પાસે સાંભળેલા ઉમાકાંતના શબ્દો પુનઃ સંભળાયા અને એઓ ઉમાકાંત ઉપર મનમાં ને મનમાં ગુસ્સે થઈ ગયા. એમનો મુઠ્ઠી વાળેલો હાથ ટેબલ ઉપર પછડાયો ત્યારે શમિયાણામાં બેઠેલાઓ તાળીઓ પાડી રહ્યા હતા અને પ્રો. ઉમાકાંત માઈક પાસેથી પોતાની બેઠક તરફ સસ્મિત વદને આવી રહ્યા હતા. મંત્રી માઈક પાસે જાય એ પહેલાં પ્રકાશચંદ્ર પેલા માનવ-આકારને માઈક પાસે પ્રો. ઉમાકાંતની જેમ વર્તન કરતો અને ભાષણ આપતો હોય તેમ હોઠ હલાવતો જોયો...

પ્રકાશચંદ્રની ડાબી બાજુએ બેઠેલા સમિતિના મંત્રીએ એમને કહ્યું : "શેઠ ! પ્રો. ઉમાકાંતે આપની અને સ્વાગત સમિતિની ભારે પ્રશંસા કરીને અમારો ઉત્સાહ વધારી દીધો." પ્રકાશચંદ્રે તો એ કાંઈ સાંભળ્યું ન હતું, એને તો પેલા આકારના અવાજે કાંઈક જુદું જ કહ્યું હતું તેથી આછી મૂંઝવણ સાથે એમણે જવાબ આપ્યો "હેં... ! હા, હા... એમણે ત્યારે પ્રશંસા કરી."

પ્રકાશચંદ્ર વાક્ય પૂરું કરે તેવામાં એમની જમણી બાજુ આવેલી ખુરશી ઉપર ઉમાકાંતે પોતાની બેઠક લઈ પ્રકાશચંદ્ર સાથે કાંઈક વાતચીત શરૂ કરી......

× × × × ×

સાહિત્ય પરિષદ પૂરી થયાને થોડા દિવસો વીતી ગયા હોવા છતાં પરિષદની સ્વાગત સમિતિનું મળેલું અધ્યક્ષપદ, પરિષદના મંચ ઉપર મળેલ આગવું સ્થાન અને પરિષદના પ્રમુખ ઉમાકાંત જેવા દેશના નામાંકિત સાહિત્યકારે એની સાથે કરેલા-એકલા એની સાથે કરેલા-વાર્તાલાપથી પ્રકાશચંદ્રને ચડેલો નશો મનમાંથી ઊતર્યો ન હતો. એમને એ બધા પ્રસંગો ગમ્યા હતા, એમને ત્યાં મળેલ સ્થાન તેમ માન ગમ્યાં હતાં. એમને પોતાના ભાષણ પછી સાહિત્યકારો-સાહિત્યરસિકોએ કરેલ તાળીઓના ગગડાટ ગમ્યા હતા અને એમને એ પ્રસંગોનો ચડેલો નશો હજુ ઊતર્યો ન હતો......બે-ચાર દિવસો વધુ વીત્યા ને એમના મનમાં સાહિત્યસર્જનની એષણાના અંકુર ફૂટ્યા ! ઉમાકાંત જેવા કવિ-લેખક ને સાહિત્યકાર થવાની ઈચ્છાવેલ બોગનવેલ થઈ એના મનમાં વિકસવા મંડી, વિસ્તરવા મંડી, મૂળિયાં ઊંડા ઊતરવા મંડ્યાં. જેમ જેમ દિવસો વીતવા મંડ્યા તેમ તેમ આ વેલ વધુ ને વધુ ઘટ્ટ આકાર લેતી લહેરાવા મંડી. એને એકાંતમાં રહી વિચારો કરવા, વિચારોને કાગળમાં ટપકાવવા, કાવ્યો વાંચવા, વાર્તાનાં પુસ્તકો ખરીદવાની ઇચ્છા થવા લાગી. એમણે એકાદ બે વખત ઉમાકાંત સાથે વાત કરવા ફોન પણ જોડ્યો હતો, પરંતુ ઉમાકાંત બહારગામ ગયા હોવાથી વાતચીત ન થઈ શકી. એક દિવસ સહજે પોતાની ઑફિસમાં એ એકલા બેઠા હતા ત્યારે ઉમાકાંત સાથે વાત કરવા ફોન જોડવા ડાયલ ઘુમાવતા હતા ત્યારે એને પોતાના કાન પાસે ઊંડે ઊંડેથી બોલાતો અવાજ સાંભળવા મળ્યો : "ઉમાકાંતને ફોન કરવાની જરૂર નથી. તમારે સાહિત્યસર્જક થવું છે ને ? હું બનાવીશ." એમણે અવાજની દિશા તરફ નજર કરી તો પેલો આકાર દેખાયો. એમનાથી પુછાઈ ગયું : "તમે ? તમે કોણ છો ? મને કેવી રીતે મદદ કરશો ?"



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"પ્રકાશચંદ્ર શેઠ! પ્રશ્નો પૂછવાનો કોઈ અર્થ નથી. સાહિત્યનું સર્જન કરવું હોય તો હું કહું તેમ કરો."

"શું કરું?"

"તમારા ઘેર તમારા રૂમના એક ખૂણામાં લખવાનું ટેબલ ગોઠવી એની ઉપર લેખન-સામગ્રી તૈયાર રાખજો. હું રોજ રાત્રે એક વાગ્યે તમારી પાસે લખવા માટે આવીશ. હું તમને ત્યારે લખાવીશ. જે લખાવું તે અધૂરું હોય તો વાંચવાનું નહિ. તમારે કાંઈ વાંચવું નહિ અને કોઈની સાથે સાહિત્ય-ચર્ચા કરો ત્યારે મને યાદ કરીને કરજો. મને યાદ કર્યા વગર કોઈ સાથે સાહિત્યની ચર્ચા કરશો નહિ કે વ્યાખ્યાન આપશો નહિ. હું રોજ જે કાંઈ કાવ્ય વાર્તા લેખ લખાવું ને હું કહું તે છાપાને કે સામયિકને છાપવા મોકલવું. તમારે જો કોઈ દિવસ બહારગામ જવાનું થાય તો લખવાના ટેબલ પાસે આવી, મને યાદ કરી બહારગામ જવાની વાત કરજો....બસ, અત્યારે આટલું પૂરતું છે. આવતી કાલ રાતથી આપણે સાહિત્યસર્જનકાર્ય શરૂ કરીશું. આ બધું ગુપ્ત રાખજો."

"પણ રોજ રાત્રે લખવાથી હું સવારે મારા સમયે ઊઠી શકીશ નહિ, જેની અસર મારા રોજિંદા કાર્ય ઉપર અને ધંધા ઉપર પડે એનું શું?"

"તમે તમારા સમયે ઊઠી શકશો. તમને દિવસે થાક લાગશે નહિ કે ઊંઘ આવશે નહિ, બસ? હવે હું જાઉં છું." કહી એ આકાર અદૃશ્ય થઈ ગયો.

એના અદૃશ્ય થયા પછી પ્રકાશચંદ્ર ક્યાંય સુધી એના વિશે વિચારતા રહ્યા. સાહિત્ય સંમેલનમાં પ્રથમ વખત એને જોયા પછી અને એનો અવાજ સાંભળ્યો ત્યારથી અત્યારે વાત થઈ તે અક્ષરશઃ યાદ કરતા રહ્યા. જેમ જેમ આ વાત એઓ યાદ કરતા રહ્યા તેમ તેમ મોટા સાહિત્યકાર થવાની એમની ઈચ્છા-વેલ પુષ્ટ થતી ચાલી અને પછી પોતે રંગીન સ્વપ્નાંઓમાં ડૂબી ગયા......એમના માણસે આવી એમને ઘેર જવા વિશે પૂછયું ત્યારે એઓ અનિચ્છાએ આ સૃષ્ટિમાં આવી પડયા! એમને જલદી વાર્તાઓ કાવ્યો અને નવલકથાઓ લખવાનું મન થઈ ગયું. એમને સાહિત્ય-જગતમાં પ્રો. ઉમાકાંત કરતાંય મોટા કવિ અને વાર્તાકાર જલદી થવાની તીવ્ર ઇચ્છાએ એમના અસ્તિત્વમાં પોતાનું દીવાનખાનું બનાવી દીધું! પ્રકાશચંદ્ર બીજા દિવસની અડધી રાતની રાહ આતુરતાપૂર્વક જોવા લાગ્યા. ઘેર ગયા ત્યારે પત્નીએ પૂછયું કાંઈ ને એમણે જવાબ આપ્યો બીજો કાંઈક, તો પુત્ર ઉપર ક્યારેય ગુસ્સો ન કરનાર પોતે પુત્રની નાની અમથી વાતમાં ગુસ્સો કરી બેઠા. બધાં જમવા બેઠાં ત્યારે થોડું જમ્યા ન જમ્યા ને ઊભા થઈ પલંગમાં પડયા ત્યારે 'તબિયત સારી નથી કે શું?' એવું એમનાં પત્નીથી પુછાઈ ગયું. "થોડું માથું દુખે છે. આજ કામ બહુ હતુ તેથી થાકને લીધે માથુ દુખે છે. તું ચિંતા ન કરીશ. વહેલો સૂઈ જઈશ તો સારું થઈ જશે." કહી આંખો મીંચી ગયા.

પ્રકાશચંદ્ર સૂઈ તો ગયા, પણ એમને ઊંઘ થોડી આવવાની હતી? એમના મનમાં તો પેલી ઈચ્છાની જ ગાંડી વેલ મહાલતી હતી અને તેથી એમને આવતી કાલની અધરાતની આતુરતા હતી...એ પુનઃ સ્વપ્નલોકમાં સરી પડયા......

રોજ રાત્રે પેલો આકાર પ્રકાશચંદ્ર પાસે આવતો અને એમનામાં સમાઈ જતો, એઓ ખોવાઈ જતા અને એમનો હાથ કલમ લઈને પાનાંઓનાં પાનાં લખતો રહેતો. પ્રકાશચંદ્રને કંઈ ખબર ન પડતી, પણ એઓ જ્યારે ભાનમાં આવતા ત્યારે પોતાના રોજના ઊઠવાના સમયે પોતાની પથારીમાંથી ઊઠતાં પોતે ક્યારે સૂઈ ગયા એ એમને યાદ ન રહેતું. ઊઠીને એઓ લખવાના ટેબલ પાસે જતા ત્યારે જો લખાણ પૂર્ણ થયું હોય તો બાંધેલી પોથીની જેમ કાગળો ટેગમાં બંધાયેલા અને એના પ્રથમ પાને



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શીર્ષક લખેલું રહેતું અને જો લખાણ અધૂરું હોય તો કાગળો ફાઈલમાં બંધ રહેતા. શીર્ષક લખાયેલી પોથી જોતા ત્યારે એઓ ખાનાં ઉથલાવતા, મનમાં આશ્ચર્ય પામતા, હરખાતા પણ ખરા. પોથીમાંથી એમને લખાયેલું કવર મળતું કે જેમાં પોતે નામાંકિત સામયિકને એ વાર્તા કે કાવ્ય મોકલવાનો લખેલો પત્ર જોવા મળતો. વાર્તા કે કાવ્ય એ પત્રવાળા સામયિકને મોકલવામાં આવતું, જ્યાં સ્વીકારાઈ જતું. એમ જુદાં જુદાં મોટાં મોટાં માસિકોમાં પ્રકાશચંદ્રની વાર્તા તેમ કાવ્યો છપાવા મંડયાં. જેમ જેમ છપાતાં ગયાં તેમ તેમ એમને નશો ચડતો ગયો અને એઓ એક રાત પણ પાડ્યા વગર લખવાના ટેબલ પાસે હાજર થતા રહ્યા. પછી તો નવલકથા હપ્તાવાર છપાવાની શરૂ થઈ. જોતજોતામાં પ્રકાશચંદ્ર ખૂબ લોકપ્રિય વાર્તાકાર નવલકથાકાર અને કવિ બની ગયા. એમનાં પુસ્તકો છપાવા મંડ્યાં અને એમને પારિતોષિકો પણ મળવા મંડ્યાં. પ્રથમ કાવ્યસંગ્રહની પ્રસ્તાવના પ્રો. ઉમાકાંતે સહર્ષ લખી આપી. બીજા સંગ્રહ માટે સામેથી પૃચ્છા કરી, વાર્તાસંગ્રહ અને નવલકથા માટે પણ એમણે ભરપેટ વખાણ લખી આપ્યાં. પછી પ્રકાચંદ્રે વિવેચનો લખવા શરૂ કર્યાં તે પણ ઉચ્ચ કક્ષાનાં સામયિકો અને વર્તમાનપત્રોમાં છપાતાં થયાં......એમ વિવેચનસંગ્રહ પણ છપાયો. સાહિત્ય સભા, સાહિત્ય પરિષદ અને કવિસંમેલનોમાં પ્રકાશચંદ્રની હાજરી અનિવાર્ય બની ગઈ. પ્રો. ઉમાકાંતની સાથે જ એમને બેઠક પ્રાપ્ત થતી. પ્રકાશચંદ્ર જે કાંઈ સાહિત્ય અંગે જ્યારે જ્યારે બોલતા ત્યારે પેલા આકારનું સ્મરણ કરતા અને પછી એઓ શું બોલતા એની એમને પણ ખબર ન રહેતી, પણ શ્રોતાઓ મંત્રમુગ્ધ બની સાંભળી રહેતા. એમનું વક્તવ્ય પૂરું થાય ત્યારે બે ત્રણ મિનિટ તાળીઓ સંભળાતી રહેતી. પ્રકાશચંદ્રને સાહિત્ય અકાદમીનું પારિતોષિક મળ્યું અને છેવટે પ્રો. ઊમાકાંત જે ઉચ્ચ સાહિત્યિક એવોર્ડ મેળવવા ઝંખતા હતા તે પણ એક દાયકાની સાહિત્યસેવા પછી પ્રકાશચંદ્રને પ્રાપ્ત થયો. ટી.વી. ઉપર એ સમાચાર સાંભળી પ્રો. ઉમાકાંત તરત એમને અભિનંદન આપવા એમના ઘેર દોડી ગયા. પ્રો. ઉમાકાંતે પ્રકાશચંદ્રના ઘરની ઘંટડી વગાડી ત્યારે પ્રકાશચંદ્ર એમના રૂમમાં બેઠા હતા અને પેલો આકાર ઓચિંતો એમને દેખાયો. પ્રકાશચંદ્રને એનો અવાજ સંભળાયો : "પેલો આવ્યો છે તમને અભિનંદન આપવા." પ્રકાશચંદ્રે પૂછ્યું : "કોણ ?"

"કોણ ? એ પેલો ઉમાકાંત."

"સારું !"

"એ તો ઠીક છે, પણ એ પોતાના પુસ્તકની સમીક્ષા લખવા વિનંતી કરશે ત્યારે વાત ટાળી દેજો."

"એવું તે કેમ કરાય ! એ મોટા ગજાના લેખક અને કવિ છે. મારા કરતાં વધુ પાત્રતા ધરાવે છે. એમની એ માગણી તો સ્વીકારવી જ જોઈએ ને ?"

"શી વાત કરો છો ?" તમારા કરતાં વધુ પાત્રતા ? મેં તમને ક્યાંથી ક્યાં પહોંચાડી દીધા છતાં તમારા કરતાં એઓ મોટા એમ તમે માનો છો ?'

"હાસ્તો; એઓ સ્વયંપ્રકાશિત છે, જ્યારે હું તો તમારા કારણે મોટો થયો છું. તમારે એમના પુસ્તકની સમીક્ષા લખવા દેવી પડશે. હવે તો મનેય સાહિત્યનું જ્ઞાન થયું છે."

'પ્રકાશચંદ્ર !' એ આકારનો ઊંડો રેલાતો અવાજ જાણે મોટો થઈને ડરાવવા બોલતો ન હોય એવો પ્રકાશચંદ્રને લાગ્યો. એ અવાજ કહેતો હતો : "તમને સાહિત્યનું જ્ઞાન થયું છે, એમ ? એટલે તમે મારી ના છતાં એમના પુસ્તકની સમીક્ષા લખવા માગો છો ?'...

આગળ સંભળાય ત્યાં નોકર આવ્યો અને પ્રો. ઉમાકાંત આવ્યા છે તથા સીટિંગ રૂમમાં બેઠા રાહ જુએ છે એમ જણાવ્યું. પ્રકાશચંદ્ર એની સાથે સીટિંગ રૂમમાં ગયા. એમને આવતા જોઈ પ્રો.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉમાકાંત ઊભા થઈ ગયા અને બે હાથ જોડી, નમસ્કાર કરી એઓ પાસે આવ્યા ત્યારે ભેટી પડયા અને સહર્ષ બોલ્યા :

"પ્રકાશચંદ્ર ! તમને મારાં ખૂબ ખૂબ હાર્દિક અભિનંદન. ખૂબ ટૂંક સમયમાં તમે મા સરસ્વતીનું વરદાન પામી દેશનો સાહિત્યનો ઉચ્ચ એવૉર્ડ મેળવી શકયા છો. હું ખૂબ પ્રસન્ન થયો છું."

"તમે તો મારા વડીલ છો. મેં જે મેળવ્યું છે તે તમારા આશીર્વાદથી મળ્યું છે." વિવેક ખાતર પ્રકાશચંદ્રે કહ્યું ત્યાં તો એમની નજરની સામે પેલો આકાર આવી ઊભો રહ્યો.

પછી બંને સોફા ઉપર બેઠા બેઠા વાતો કરવા મંડયા. ચા-નાસ્તો આવ્યો બંનેએ કર્યો, પછી ઉમાકાંતે કહ્યું : "પ્રકાશચંદ્ર! આજના શુભ દિવસે એક વિનંતી છે." "અરે! આપે વિનંતી કરવાની હોય ? હુકમ કરો." પ્રકાશચંદ્રે કહ્યું. "વાત એમ છે કે મારા હમણાં પ્રકાશિત થયેલ વિવેચનસંગ્રહ 'સાહિત્ય સંગતિ'ની સમીક્ષા તમે લખો એવી મારી વિનંતી છે. તમારી સમીક્ષા મારા પુસ્તકની યોગ્ય મુલવણી કરી શકશે. પુસ્તક લાવ્યો છું. લો, સ્વીકારો." કહી ઉમાકાંતે પ્રકાશચંદ્રને 'સાહિત્ય-સંગતિ' પુસ્તક આપ્યું. પ્રકાશચંદ્રે "તમારો અધિકાર છે. સમીક્ષા લખવી મને ગમશે." કહી પુસ્તક સ્વીકારવા ઊભા થયા અને પુસ્તક સ્વીકાર્યું ત્યાં પેલા આકારનો અવાજ બંનેને સંભળાયો : "ઉમાકાંત ! મને જુઓ. ઓળખો છો મને !"

ઉમાકાંતે અવાજ તરફ નજર ફેરવી. એમને ધૂંધળો વાદળાંઓનો બનેલો માનવ-આકાર જોવા મળ્યો, પણ એઓ ઓળખી ન શકયા. એમણે કહ્યું : "કોનો અવાજ છે, ભાઈ ? હું તમને ઓળખી નથી શકતો."

ફરી અવાજ આવ્યો : "જરા ધ્યાનથી જુઓ. મારું નામ રશ્મિ."

ઉમાકાંતે જોયું, પણ ઓળખાણ ન પડી. પ્રકાશચંદ્ર તો દિગ્મૂઢ બની ગયા. ઉમાકાંતે કહ્યું : "ભાઈ ! હું તમને ઓળખી નથી શકતો. કાંઈક ઓળખાણ પાડો તો ખબર પડે."

"સાંભળો ત્યારે: આજથી અગિયાર વર્ષ પહેલાં પ્રથમ વર્ગમાં એમ.એ.ની પરીક્ષા સુવર્ણચંદ્રક મેળવી પાસ કરી. તમારા હાથે મને સુવર્ણચંદ્રક આપવામાં આવ્યો હતો. ચંદ્રક સ્વીકારતી વખતે મેં તમને કહેલું : 'સર ! એક સંગ્રહ બહાર પાડી શકાય તેટલાં કાવ્યો મેં લખ્યાં છે. તમે એની પ્રસ્તાવના લખી આપશો ?' 'સરસ જરૂર લખી આપીશ. કાવ્યપોથી સાથે મારા ઘેર આવજે.'

"હું મારી કાવ્યપોથી લઈ તમારા ઘેર બીજે જ દિવસે આવ્યો. મારા વિશે થોડા પ્રશ્નો પૂછી, કાવ્યપોથી જોવા માટે તમારી પાસે રાખી અને એક માસ પછી આવવા કહ્યું. એક માસ પછી મળ્યો ત્યારે તમે પછી કહ્યું.: 'કામને લીધે જોઈ શક્યો નથી, તો ત્રણ સપ્તાહ પછી આવજે.'

"ત્રણ સપ્તાહ પછી આવ્યો ત્યારે તમે બહારગામ ગયા હતા અને એ પછી તમારા એક નવા કાવ્યસંગ્રહની છાપામાં સમીક્ષા વાંચી ત્યારે એમાં ટપકાવેલી કાવ્યપંક્તિઓ તો મારાં કાવ્યોની પંક્તિઓ લાગી. મેં કાવ્યસંગ્રહ ખરીદી લીધો અને જોયું તો તમે મારો કાવ્યસંગ્રહ તમારા નામે છપાવી માર્યો હતો, આથી તમારી સાથે ઝઘડવા હું તમારા ઘેર આવતો હતો ત્યારે તમારા ઘર પાસે રસ્તો ઓળંગવા જતાં એકબાજુથી ઝડપથી આવતી બસ હેઠળ કચડાઈ મૃત્યુ પામ્યો. તમારી પાસેથી જવાબ તો માગી ન શક્યો, પણ તમારાથી સવાયો થવા પ્રકાશચંદ્રમાં મેં પ્રવેશ કર્યો. તમારા સારસ્વત તેજે હું તમારું કાંઈ બગાડી ન શક્યો, પણ તમારાથી ચડિયાતો થઈ તમે ન મેળવી શકયા તે દેશનો સર્વોચ્ચ સાહિત્યિક

[ અનુ. પા. ૨૦ વચ્ચે]



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માણેક

[સત્યઘટનાત્મક]

શ્રી ચંદ્રકાંત પટેલ

બરાબર રૂડી રૂપાળી ભાદરના કરાળકાય દક્ષિણના કાંઠા ઉપર ચડીને જોશો તો દેખાશે કે દેશી નળિયાંમાં ગૂંચળું વળીને બેઠેલું માંડવા ગામ પોતાની જૂની-પુરાણી સંસ્કૃતિ જાળવી રહ્યું છે. પૂર્વમાં પીરની દરગાહ અને આમ થોડે દૂર ઉત્તરમાં આલેચની ગિરિમાળાની કાંધી આવી ગઈ છે.

ઉત્તરમાં દૂર આલેચના ડુંગરાઓના પથ્થરોની બનેલી વાંકી-ચૂંકી ટેકરીઓ ને ધારો, તો નજીકમાં ઉત્તરે ખળ ખળ કરતાં ભાદર નદીનાં નિર્મળ પાણી વહ્યાં જાય છે, નદીને કાંઠે બોરડીઓની ઘટાઓ, બાવળની લાંબે સુધી છવાયેલી કાંત્ય અને લીલીછમ વાડીઓની હરિયાળી આકર્ષણ કરી રહી છે.

કાળનાં પાષાણકાય પોપડાં ઉખેડી જોશો તો દેખાશે કે ગારમાટીથી લીંપાયેલાં માંડવા ગામનાં મકાનોની વાંકી-ચૂંકી શેરીઓમાં પડેલાં પગલાં જાણે કોઈ જાજરમાન નારીનાં ગઈ કાલનાં જ કેમ ન હોય! અરે, હમણાં જ જાણે ભાદરમાંથી પાણીનું બેડું ભરી કોઈ નવયૌવના ચાલી ન ગઈ હોય ને કંકુની ઢગલીઓ વેરતી ગઈ કેમ ન હોય!

કોણ હતી એ નારી? કેવી હતી એ?

"કુંડે કટેસર હેમના, કાંબી કડલાં જોડ, ભાદર-આરે જળ ભરે, ચાલે અંગ મરોડ......"

કંઈક રૂપ નીતરતી જોડલીઓ માથે પિત્તળની ચળકતી હેલ્યો લઈ યુગ-પુરાણી ભાદરના કાંઠાના આરાઓને કાંબી-કડલાંને રણકે ગજવતી ગઈ હશે ને ખિલખિલાટે નિર્મળ નીરને ડહોળ્યાં પણ હશે.

ભાદર તો રૂપાળી, એનાથી રૂપાળાં કાંઠાનાં ગામડાં ને એમાંય એનાં મર્મીલાં માનવીઓનાં રૂપ તો અનોખાં, ઊડીને આંખે વળગે, ઘણાંને ગાંડાંયે કર્યાં છે.

એ ઘેલૂડાં લોકોની વાતો અલાયદી છે. નીતિ રીતિ ને ટેક એ એ વખતનાં ઘરેણાં હતાં. ખાનદાની ને રખાવટ એ પોરસનાં અંગ હતી. શિયળ માટે તો સોરઠના માટૂડાઓ મરી ફીટતા, પણ કાયર બની પાછાં ડગ ન ભરતા. આ ધરા પર કંઈક સ્ત્રીઓએ કટારીઓ હુલાવી છે, ખડગ ધારણ કર્યાં છે.

એક જ માના બે બેટડા: એક ખાનદાન, બીજો નપાવટ; એક સૂરવીર, બીજો કાયર અને મૂએય સગાં બાંધવાને કાંધ ન આપે તેવો.

આવા માંડવા ગામમાં બે પાટી હતી: એક પાટીના અડધ ભાગના માલિક મૂળુભાની આખાય પંથકમાં ફેં ફાટતી. નીતિ-રીતિ ટેક અને ખાનદાનીને એણે નેવે મૂક્યાં હતાં. વેઠવારા ને બદચલનથી એની પાટીનાં લોકો પાંદડાંની જેમ થરથર ધ્રૂજતાં. એની નજર જેના પર પડે તે સલામત રહે નહિ. કહેવાય છે કે પોતાનો સ્વાર્થ સાધવા 'હાજી હા' કરનારા કેટલાક લોકોએ આ દરબારને બૂરી આદત તરફ વાળ્યો હતો. સુરા-સુંદરીનો કેફ એની આંખોમાં કાયમ ડોકાતો.

ને આવાં બધાં કારણોને લીધે મૂળુભાની મોટા ભાગની વસ્તી માંડવા ગામના બીજા અડધ ભાગના ભાગીદાર રામભાની પાટીમાં આવી વસી હતી.

રામભાની ખાનદાનીનો જોટો ભાદરકાંઠામાં જોવા મળતો નહિ. નીતિ રીતિ અને પ્રામાણિકતાનો એ પૂજારી હતો.

આમ તો બંને ભાઈઓ પિતરાઈ હતા, પણ બેયમાં ધરતી-આકાશનો ફેર હતો. ભાયાત-ભાગે બેય જણાને અડધી અડધી પાટી ભાગમાં આવી હતી.

એવા આ માંડવા ગામની પૂર્વ તરફની પાટીમાં એક આહીર ખેડુ રહેતો હતો. એની પાસે ખેડવા



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માટે નહિ જેવી જમીન હતી તેથી મજૂરી-દહાડિયાં-દહાડિયાં કરીને પેટનું ગુજરાન ચલાવતો હતો. એનું નામ ઓઘડ.

ઓઘડની પરણેતર વરસો પહેલાં ધાવણી દીકરીને બાળોતિયામાં વીંટાળીને ગુજરી ગઈ હતી. ત્યારપછી ઓઘડે બીજું ઘર નહોતું કર્યું ! એનું ઊણું આયખું દીકરીને ઉછેરવામાં કાઢ્યું હતું.

ને એમ જ દિવસ પછી મહિના ને મહિના પછી વરસો જતાં વાર ન લાગી. દીકરી મોટી થઈ. કેળના સોટા જેવું રૂપ એકાએક ખીલી નીકળ્યું. નસ નસતી જુવાની અંતરને ઓરડે આવી ઘૂંઘટો વાળી બેસી ગઈ.

પણ કેવી રૂપાળી...!

"પિત્તળ સરીખી પીંડિયું, હીંગળા સરીખા હાથ, પંડય બનાવી પૂતળી, જે દી નવરો દીનોનાથ."

અરે ! આવી તો કોક જ સરજનહારે સર્જી હશે જગતમાં.

"હાલ થકાં હંસજ્યું, બોલે ચંગાં વેણ, મર્માળાં મજલસ ભર્યાં, નારી દૂંદા નેણ."

અને......

"આંગળિયા ફળિયા જશી, દાડમ-કળિયા દંત, સોતમેં રેખા સારખી, વીજળિયા ઝળકંત..."

પીઠ નીચે સાથળ સુધી અડપલાં કરતો નાગણ જેવો કાળો ભમ્મર ચોટલો. બિલોરી કાચ જેવી મોટી મોટી મારકણી આંખો ને આંખોમાં આંજેલ કાજળની કામણગારી સેર. પૂનમના ચંદ જેવું મુખ અને એની સિંહ જેવી લાંક. ઠાંસોઠાંસ ભરેલાં એનાં રૂપ માંડવા ગામના મોભ વળોટી ગયાં હતાં.

ખળ...ખળ...ખળ વહેતાં ભાદરનાં નીરમાં કેડયે ખોળો વાળી, માથે પિત્તળની હેલ લઈ એ પાણી ભરતી ત્યારે કંઈક લે'રખડા જુવાનિયા એનાં લૂંબેઝૂંબે નીતરતાં રૂપ ને ફાટફાટ થતી જુવાની જોઈને ઘેલા થતા.

રૂપની સાથે એનામાં લોઠકાઈ પણ આવી વસી હતી. ભર-ચોમાસામાંય ગાંડીતૂર બની બે કાંઠામાં ઘુઘવાટા નાખતી ભાદર નદીમાં મગરની માફક સેલારા મારતી તરીને એ સામે કાંઠે પહોંચી જતી.

બાપ કહેતો : "બેટા ! મારે દીકરી નહિ, પણ તું દીકરો જ છે."

ને દીકરી ખડ...ખડ..ખડ... હસી પડતી.

ઘરમાં બાપ દીકરી બે જ હતાં. દીકરી પણ બાપને ખુશી રાખવા પડયા બોલ ઉપાડતી. મમતા અને વાત્સલ્યનાં અમી-ઝરણાં દીકરીના દિલમાં પણ ઘુઘવાટા બનીને વહ્યા જતાં. બાપ દીકરીની આવી ચાકરી જોઈ ઓછો ઓછો થઈ જતો. એની આંખમાં હરખનાં આંસુ ઊભરાઈ આવતાં.

ને એ દીકરીનું નામ માણેક.

દીકરીની ફૂલગુલાબી જુવાની જોઈ બાપ કહેતો : "બેટા ! હવે તારાં ઘડિયાં લગનિયાં કરી દઈને તને સાસરિયે વળાવી દઉં એટલી આ જીવને અભળાખા છે."

"એવું બોલશો નહિ, બાપા ! મારા ગયા કેડે તમારું કુણ ?" એમ કહી માણેક બાપના મોં આડે હાથ દેતી ને બાપની બેચેની વધતી. એ વિચારતો : ઊજળી તોય રાત્ય. પારકું ઘરેણું. કાલ્ય શું થાય કોને ખબર છે ? છતાં દીકરી ઉપર ઓઘડને ભરોંસો હતો કે માણેક ફાટે, પણ ફિટે તો નહિ જ.

પણ એક દિવસ એ સુખી ઘર પર વીજળી ખજેળી. ભલો ભોળો ઓઘડ પણ સમસમી ગયો. લંપટ મૂળુભાની આંખ માણેકના જોબન પર ઠેરાણી હતી. એની પરસ્ત્રીલોલુપતાએ હદ વટાવી માઝા મૂકી હતી. સામી પાટીના મૂળુભાના કાને માણેકનાં રૂપની વાતો રોજ આવતી ત્યારથી એ માણેકને પોતાની કરવાના ઘોડા ઘડવા લાગ્યો હતો.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ રામભાની પાટીમાં પગ મૂકવાની એનામાં હિંમત નહોતી છતાં ગમે તે ભોગે માણેકને મેળવવાની એને તાલાવેલી લાગી. એના હજૂરિયાઓને ભેગા કરીને એ અનેક દાવપેચ અજમાવવા લાગ્યો ને વધુમાં ઓઘડને અનેક લાલચો પણ આપવા મંડ્યો.

પણ મૂળુભાની મનઃકામના પૂરી થાય એવાં ચિહ્ન બહુ ઓછાં હતાં છતાં લાગ જોઈને સોગઠી મારવા એ થનગની રહ્યો હતો.

ભાદર નદીમાં પાણી ભરવા આવતી માણેકની ફૂટતી જુવાનીમાં ઝબૂકતી વીજળી જેવી કાયા જોઈને મૂળુભા વાસનાની આગમાં ભડથું થઈ રહ્યો હતો.

મૂળુભાનો માનીતો પાસવાન ગેમો રામભાની પાટીમાં રહેતો હતો. માઢ મેડીએ એની ખાનગી પણ વધુ બેઠ-ઊઠ હતી. ક્યારેક નાચ-મુજરા ને મિજલસમાં પણ ભાગ લેતો. માણેકને પોતાની કરવા મૂળુભાએ એ ગેમાને સાધ્યો.

પણ ઝેરના કટકા જેવી માણેકને મેળવવી એ લોઢાના ચણા ચાવવા જેવું હતું એ ગેમો સારી રીતે જાણતો હતો ને એ પણ જાણતો હતો કે જો આ વાતની ખબર રામભાને પડશે તો મોતથી બચી શકાશે નહિ.

ને માણેકનાં રૂપ પાછળ ઘેલો થયેલ મૂળુભા પણ કોઈ વાતે માને એમ કયાં હતો? ગેમાના તો સરપે છછૂંદર ગળ્યા જેવા હાલ થયા.

મૂળુભાના કાવાદાવાની ગંધ આવતાં ઓઘડની ઊંઘ વેરણ થઈ ગઈ. જતી જિંદગીએ વખ ઘોળવાના દા'ડા આવે એવાં એંધાણ વરતાવા લાગ્યાં. એક બાજુ જુવાન દીકરીની જાળવણી તો બીજી તરફ સીમનું કામ ને વીફરેલો દરબાર! શું ન કરે? એને અજંપો વધી ગયો. એણે દીકરીને બોલાવી :

"બેટા માણેક! ભૂંડું થયું છે!"

"બાપા! એવડાં બધાં વેણ? શું થયું છે?" ઘરનો ઊંબરો ઝાલીને ઊભેલી માણેકે બાપ સામે દૃષ્ટિ માંડી.

"મારું એક વેણ રાખીશ, બેટા?"

"બોલો ને, બાપા! કે દી ના પાડી છે?"

"તો હવે તું પરણી જા તો સારું."

"દીકરીનો રોટલો ભારે પડે છે, બાપા?"

"એવું નથી, દીકરી!...ને આપણે કેના નસીબનું ખાતાં હશું કોને ખબર! પણ...પણ...!"

"પણ...કેમ અટકી ગયા, બાપા?"

"અરેરેરે!" ને એણે ઊંચે જોઈ નિસાસો નાખ્યો. કેડિયાને છેડે આંખનાં આંસુ લૂછ્યાં.

ઘડીભર માણેક બાપ સામે જોઈ રહી. થોડી વાર પછી ઓઘડે ઉમેર્યું :

"દીકરી માણેક! મને તારા પર પૂરો ભરોસો છે કે તું પવિતર જ છે, પણ પુરુષ કયાં પવિતર છે? એની આંખમાં નર્યાં ઝેર ઝલકુ નાખી રહ્યાં છે. એ શિકારીઓ ફાંસલા લઈને ઊભા જ છે!"

"બાપા! એ માટે બેફિકર રે'જો. જેની આંખ આ માણેક ઉપર ઠરશે તે આંખ સલામત નહિ રહે."

"દીકરી! ઈ તો મને ખરપત છે, પણ એક વાત આજે મારે કાને આવતાં હું મૂંઝાઉં છું કે વખતેક...!"

"કઈ વાત, બાપા?"

"સામી પાટીનો મૂળુભા તારી પાછળ કાવતરાં કરે છ, દીકરી!..."



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

" તી કરવા દ્યો ને, બાપા ! આપણામાં પાણી મરે તો ને ?... કાંઈ ફિકર્ય નહિ, બાપા !... લાકડું લાકડાને ભારે ભાંગી જશે..." ને પછી માથે ઓઢણું ઠીક કરતાં ઉમેર્યું : "હેવે ઘરપત રાખજો, બાપા ! જે દી તમારી માણેકમાં પાણી મર્યાનો અણસારોય આવે તે દી ફટચ કે'જો..." દીકરીની હિંમત ઉપર બાપ ઓળઘોળ થઈ રહ્યો.

એક દિવસ અમાસની કાળી રાત્રિ માંડવા ગામ પર ઝળૂંબી રહી હતી. રાત્રિનો બીજો ગજર ભાંગ્યો હશે ત્યારે મૂળુભાની ડેલીની માઢ-મેડીના ચોકટમાં એક માણસ દાખલ થયો. એણે માથા પર ચોફાળિયું બાંધ્યું હતું. એક હાથમાં કડિયાળી ડાંગ હતી. ઓખાઈ પગરખાંના અવાજથી મૂળુભા ચમક્યો:

" એલા કોણ ?"

" એ તો હું ગેમો."

" આવ્ય...આવ્ય... હયા ! ...હું તને જ સંભારતો'તો"

" બાપા ! હુકમ કરો"

મૂછ આમળતા મૂળુભાએ ગેમાને કહ્યું : " તું ઓઘડની દીકરીને તો ઓળખ છ ને ?"

" હા બાપા !"

" ઈ માણેકને એક દિવસ ડેલીએ..."

" પણ બાપા,...!"

" એલા ! મને ઓળખશ ?"

" બાપા ! ઈ સિંહણને છંછેડવા જેવું નથ્ય, હો ?..."

" અરે, એવી કેટલીયે સિંહણો મૂળુભાના પગ ચાટતી આવી છ."

" ઈ બધી તો બકરિયું હસે, બાપા !" પછી ઉમેર્યું :

" બાપા ! આ કામ એટલે મોતને નોતરું દેવું..."

" ગેમા ! આવાં વેણ સાંભળવા તને નથી બોલાવ્યો." ને પછી દૃઢતાથી મૂળુભાએ કહ્યું :

" આવતી બીજે રાત્રિએ હું ઓરડે માણેકની રાહ જોઈશ..."

" પણ, બાપા ! મારું કાંઈ...?" મોકો જોઈ ગેમાએ સોગઠી દબાવી.

ખડ...ખડ...ખડ... હસીને બાપાએ કહ્યું :

" હું ગણચોર નથ્ય, હો ? તારુંય થઈ જાસે..."

ને હવસના કીડા-સમો એ જુવાન મૂળુભા માણેકનાં રૂપનાં દિવાસ્વપ્નો જોવા લાગ્યો.

° ° ° ° •

પુરુષોની સામે ઘૃણાની નજરથી જોતી માણેક નદીકાંઠે બેસી પાણીનું બેડું માંજતી હતી. આજ લગણ એણે પરણવાનો વિચાર અળગો રાખ્યો હતો. એ વિચારતી કે શું ધણી વગર એકલાં ન જીવી શકાય ? પણ આજે એનું અંતર સમૂળગું જ બદલાઈ ગયું. એની નજર સામે પોતાની પડોશમાં રહેતા વેજાનું પડછંદ શરીર તરી આવ્યું. એણે કોઈ દિવસ એકેય આડો શબ્દ ઉચ્ચાર્યો ન હતો. બસ, દૂરથી જ માણેકનાં રૂપના કટોરા આંખોથી પીધા કરતો હતો. એ જુવાનની પરણેતર બનવાના કોડ માણેકના અંતરમાં પહેલી જ વાર ફૂટી નીકળ્યા.

પાણીનું બેડું ભરીને માણેક ઘેર ગઈ. ઓઘડ સૂનમૂન થઈ ઓસરીની કોરે બેઠો હતો.

" બેટા માણેક !" પાણીનું બેડું ઉતારતી દીકરીને ઓઘડે કહ્યું : "હવે આ ગામમાં રે'વામાં મા'તમ નથ્ય. ઈ કાળમુખો સું નું સું કરી બેસે ઈ કે'વાય નહિ. મારી હંસલી જેવી દીકરીને હું કાગડાના હાથે ચૂંથાવા નીં દઉં..."



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બાપાનો વલોપાત દીકરી સમજતી હતી ને એ પણ જાણતી હતી કે મૂળુભા પોતાની પાછળ આંધળો ભીત થયો છે.

આખી રાત અજંપામાં ગાળી, પો ફાટતા ઊઠીને એણે બાપને કહ્યું :

" બાપા! વેજાને ખોરડે જશો ?"

" કાં, બાપ ! કીમ ?"

" મારાં લગનનું નક્કી કરી આવો !"

" અરે! દીકરી! સું બોલ છ ?" ઓઘડને થયું : પોતે સપનું તો નથી જોતો ને ? આજ દી લગણ જેણે પરણવાની ના પાડી તે માણેક આમ એકાએક ઊઠીને વેજાને ખોરડે જવાની વાત કરે એ ઓઘડના માન્યામાં ન આવ્યું.

જીવનનો થાક તેવો ભાર ઊતર્યો હોય એ રીતે ઓઘડે મોટી મોટી ડાંફોએ વેજાના ખોરડા તરફ ડગલાં માંડયાં. ઘડિયાં લગન લેવાણાં. વેજો વરરાજો બન્યો, માણેક પરણીને સાસરે ગઈ.

o o o o o

બીજની અંધારી રાત્રે મૂળુભાની માઢ-મેડીની પાછલી બારીએ એક ઓળો ડેલીમાં દાખલ થયો. ચોકટ ને પરસાળ વટાવી અંધારામાં એ મૂળુભાની ઉપલી મેડીના રવેશની બારીમાં થઈ અંદર કૂદી પડ્યો.

ખખડાટ થતાં મૂળુભા ચમક્યો. ઢોલિયામાં બેઠો થતાં કહ્યું : " એલા ! કોણ તું ?"

" માણેકનો ધણી વેજો. "

સાંભળતાં તો મૂળુભાના મોતિયા મરી ગયા.

" આવા અસૂરા ટાણે ?" મૂળુભા થોથવાણો.

" તેં અસૂરા ટાણે જ ઓરડે માણેકને બોલાવી હતી ઈ કેમ ભૂલી જા'છ, લ્યા ?"

" તી એનું સું છે અટાણે ?"

" એને બદલે હું આવ્યો છ, બાપા !"

" એમ ?" ઘમંડી અવાજે બાપો ઊઠવા ગયો, પણ સિંહની જેમ લાઉ મારી વેજો એના પર કૂદ્યો ને એની ગળચી પકડી લીધી અને એનું મોઢું ઓશીકામાં દબાવી, ઊઠણિયા વાળી માથે ચડી બેઠો.

બાપો ભાંભરી રહ્યો. : " મને માફ કર્ય, વેજા...! તારી ગવતરી..."

" આજે નૈં મેલું, બાપા ! તેં માણેક જેવી ઘણીયે અસતરિયુની આબરૂ સાથે હાથ નાખ્યા છ..." વેજો વિકરાળ બન્યો. દાંત કચકચાવી કહ્યું : " તું માણેકને નધણિયાતી માન છ, ઈમ ?"

" ના, ના, વેજા ! જે અસતરી પર ધણીનું ઓઢણું હોય તેને પૃથ્વીનો સમ્રાટ પણ હાથ લગાડી સકતો નથ્ય..."

વેજાએ વધુ ભીંસ દીધી. બાપાની આંખોના ડોળા નીકળી ગયા. પછી થૂ...થૂ...થૂ... કરીને, ઉઘાડી બારીમાંથી ઠેકીને જેમ આવ્યો હતો તેમ પાછો વળી નીકળ્યો.

સવારે આથમણી પાટીમાં મૂળુભાના મોતની ચર્ચા ચાલી રહી. રામભાએ એટલું જ કહ્યું કે એને અસતરીઓની કળકળતી આંતરડીની હાય આભી ગઈ છ, તો કોઈએ કીધું કે કર્યાં ભોગવ્યા વિના આરો નથ્ય.

**નોંધ** :– આ લોકકથાનાં પાત્રો સાચાં છે, પણ માણેકનું નામ કુસુમ હોવાનું પણ ચર્ચાય છે. જાણીતા લોકકથાકાર બાબુભાઈ પેથાણી બતાવે છે કે એનું નામ માણેક હતું.

ઠે. પટેલ પેઇન્ટર, સ્ટેશનપરા, માણાવદર–૩૬૨ ૬૩૦



For Private and Personal Use Only

# શું તાનસેન મુસલમાન હતો ?

શ્રી હસમુખભાઈ વ્યાસ

અકબરના અંતરંગ મંડળમાં મહત્ત્વનું નવરત્નોમાંના એકનું સ્થાન પામનાર તાનસેન હિંદુ હતો કે મુસલમાન એ પ્રશ્ન અવારનવાર ચર્ચાતો રહ્યો છે. એના નામ આગળ લાગેલ 'મિયાં' વિશેષણ અને ગ્વાલિયરમાં દર્શાવાતી એની વર્તમાન કબરના આધારે એ મુસલમાન હોવાનું એક વર્ગ નિશ્ચિત સ્વરૂપે માને છે. આ અંગે વિગતવાર ચર્ચા કરીએ.

વલ્લભ સંપ્રદાયના પ્રસિદ્ધ પુસ્તક 'દોસો બાવન વૈષ્ણવનકી વાર્તા' (સમય લગભગ ૧૭ મી સદી)માં એને મુસલમાન હોવાનું મળે છે. તાનસેન માટે પ્રસ્તુત ગ્રંથમાં 'બડી જાતિવારે' (અર્થાત્ મુસલમાન) શબ્દ પ્રયોજાયેલ છે. 'નિજમત સિદ્ધાંત' એને તૈલંગ બ્રાહ્મણ ગણાવે છે, તો 'મિશ્રબંધુવિનોદ' એને ગ્વાલિયરવાસી બ્રાહ્મણ કહે છે. શિવસિંહ સરોજ એને ગૌડ બ્રાહ્મણ દર્શાવે છે.

પુરાતત્ત્વ વિભાગ-ગ્વાલિયરના એક ક્ષેત્રીય અધિકારી શ્રી એમ. બી. ગર્દે એને મુસલમાન દર્શાવે છે, એટલું જ નહિ, ગ્વાલિયર નજીક આવેલ શેખ મહંમદ ગૌસના મકબરા નજીકની એક કબરને 'મિયાં તાનસેનની કબર' હોવાનું દર્શાવતી એક તકતી (બોર્ડ) પણ લગાડેલ છે. આમાં તાનસેનનો સંક્ષિપ્ત પરિચય આપેલ છે અને 'મિયાં' વિશેષણ ને કબ્રસ્તાનમાં કબર આવેલ હોઈ એમણે તાનસેને ઈસ્લામ ધર્મ અંગીકાર કર્યાની પણ નોંધ કરેલ છે, અર્થાત્ તાનસેને પછીથી મુસ્લિમ ધર્મ સ્વીકારેલો.

દંતકથાઓ તાનસેનને મુસલમાન માને છે અને આના માટે એનું વિશેષણ 'મિયાં' જ કારણભૂત છે. હકીકતે એ મુસલમાન ન હતો.

સ્મિથે દંતકથાઓના આધારે એ મુસલમાન થઈ ગયાનું અને ગ્વાલિયરમાં એની કબર હોવાનું લખ્યું છે. આપણા ઈતિહાસના ઘણા મુદ્દાઓને અંગ્રેજોએ ખોટી રીતે લખી દર્શાવતી એક પરંપરા શરૂ થઈ ને આપણે પણ 'અંગ્રેજો ને અંગ્રેજીમાં જે લખાયું હોય તે સાચું જ હોય'ની આંધળી દષ્ટિ-માન્યતાથી પ્રેરાઈ એને આજ પર્યંત સ્વીકારતા આવ્યા છીએ. આમાંની એક એ તાનસેનની સ્મિથે દર્શાવેલ ઉક્ત વિગત, જે, અલબત્ત, હવે ધીમે ધીમે આપણો એક વર્ગ પણ અંગ્રેજોએ લખેલ ઈતિહાસની તટસ્થ સમીક્ષા કરતો, પુનર્લેખન કરતો થયો છે જ.

૧૮ મી સદીના પૂર્વાર્ધ સુધી તો તાનસેને મુસ્લિમ ધર્મ સ્વીકાર્યાની ક્યાંય ચર્ચા થયેલ નથી, કેમકે ખરેખર જો એણે મુસ્લિમ ધર્મ અંગીકાર કર્યો હોય તો તત્કાલીન ઈતિહાસગ્રંથોમાંથી એનો કમસે કમ ઉલ્લેખ-નોંધ તો મળે જ, જે મળેલ નથી.

મુઘલકાલીન, વિશેષતઃ અકબરીય, સમાજશાસન ઈત્યાદિ વિશે અબુલ ફઝલે એના પ્રખ્યાત તત્કાલીન સર્વસંગ્રહ જેવા ગ્રંથો 'અકબરનામા' કે 'આઈને અકબરી'માં વિગતવાર લખેલ હોવા છતાં એણે તાનસેનને ક્યાય પણ મુસ્લિમ કહેલ નથી, એટલું જ નહિ, એણે સ્પષ્ટતઃ તાનસેનનું મૃત્યુ આગ્રામાં થયાનું દર્શાવ્યું છે. (જુઓ 'અકબરનામા' ખંડ ૨ પૃ. ૮૮૦) જો એને ગ્વાલિયરમાં દફનાવેલ હોઈ જ્યાં એની કબર હોવાનું બતાવાય છે તે પ્રમાણે તો આની નોંધ અબુલ ફઝલે કયારેક તો કરી જ હોત, પરંતુ ક્યાંય નથી એ હકીકત છે. હકીકતે ગ્વાલિયરમાં દર્શાવાતી વિદ્યમાન તાનસેનની કબર આ સદીના પ્રારંભથી 'તાનસેનની કબર' તરીકે ઓળખાવા લાગી છે. સંભવતઃ એ કબર કોઈ અન્ય તાનસેનની હોય, કેમકે તાનસેન નામની વ્યક્તિ એક કરતાં વધારે થયેલ છે!

તાનસેનની આગળ 'મિયાં' વિશેષણથી એ મુસ્લિમ હોવાનું માનતો એક વર્ગ છે, પરંતુ એ તો સૂફી સંતો સાથેના એના ગાઢ સંબંધનું પરિણામ છે, અર્થાત્ તાનસેનને સૂફીઓ સાથે સંબંધ



For Private and Personal Use Only

હોઈ સૂફીઓએ એને 'મિયાં' વિશેષણ આપેલ છે. સૂફીઓના સંપર્કમાં આવનાર રહેનાર હિંદુને 'મિયાં' કહેવાની એક રૂઢિ હતી. ઊલટાનું અકબરે તો તાનસેનને 'કંઠાભરણવાણીવિલાસ' નામની ઉપાધિથી નવાજેલ છે, જે તાનસેન સ્પષ્ટતયા હિંદુ હોવાનું સિદ્ધ કરે છે.

તાનસેનના મુસ્લિમ પુત્રોમાં તાનતરંગખાન અને વિલાસખાન તેમજ હિંદુ પુત્રોમાં હમીરસેન અને સૂરતસેન હોવાનું મળે છે. આનો અર્થ એ કે તાનસેનની વિવાહિત હિંદુ સિવાય એને કોઈ મુસ્લિમ ઉપપત્ની પણ હતી.

સમગ્ર ચર્ચાનો સાર એ કે તાનસેન મુસલમાન નહિ, પણ હિંદુ જ હતો. હવે પછી એ કઈ (હિંદુ) જ્ઞાતિનો હતો એ બાકી રહે છે–લેખના પ્રારંભે કેટલાક વિદ્વાનોએ એ બ્રાહ્મણ હોવાનું દર્શાવેલ છે, પણ સામાન્યતયા બ્રાહ્મણ જ્ઞાતિ રાજદરબારોમાં ગાતી ન હોઈ તાનસેન બ્રાહ્મણ ન હોવાનો એક તર્ક છે.

તો તાનસેન કલાવન્ત નામની સંગીત-ઉપજીવી જાતિમાં જન્મ્યાનો પણ એક મત છે. અબુલ ફઝલે 'આઈને અકબરી' (ખંડ ૨ પૃ. ૭૩૪ ૨૫૭ ગ્લેડવિન)માં ઢાઢી કવ્વાલ ડફજન નટ કલાવંત ઈત્યાદિ સંગીતોપજીવી જાતિઓ વર્ણવી છે. આ બધી જાતિઓ રાજદરબારોમાં નાચ–ગાનથી આજીવિકા મેળવતી. અકબરના સમયે 'કલાવન્ત' કહેવાતી જાતિમાં તાનસેનનો જન્મ થયાનું અબુલ ફઝલનું કહેવું માનવું છે, જે હકીકતની નજીક હોઈ શકે ! ઠે. હાઈસ્કૂલ, જામકંડોરણા–૩૬૦૪૫૦

---

[અનુ. પા. ૧૭ નીચેથી]

એવોર્ડ મારા લખાણે મેળવ્યો અને એ જ લખાણને કારણે તમે તમારા વિવેચનના પુસ્તકની સમીક્ષા એ લખાણ જેમના નામે પ્રસિદ્ધ થયું તેમની પાસે લખાવવા વિનંતી કરવા આવ્યા. તમારી વિનંતી સાંભળી અને તમને આટલું સંભળાવી હું તૃપ્ત થયો છું. હવે હું જાઉં છું... પ્રકાશચંદ્ર ! તમે સારા માણસ છો. તમને ઠીક લાગે તેમ કરજો. મારો વૈરાગ્નિ શાંત થયો છે, મારું કાર્ય પૂરું થયું છે, હું હવે જાઉં છું, તમારી પાસે હવે કદી નહિ આવું."

અને એ આકાર અદૃશ્ય થઈ ગયો,

પ્રકાશચંદ્ર અને ઉમાકાંત આશ્ચર્યચકિત થઈ એકબીજાને જોતા રહ્યા !!!

ઠે. ૧૦૮/આદિત્ય સેન્ટર, ફૂલછાબ પો. ઑ. સામે, રાજકોટ–૩૬૦ ૦૦૧

---


સ્થાપના : તા. ૧૧–૧૦–૨૭ ફોન : ૫૫૩૨૯૧/૫૫૮૩૫૦

## ધી બરોડા સીટી કો-ઓપરેટિવ બૅન્ક લિ.

રજિ. ઑફિસ : સંસ્થાવસાહત, રાવપુરા, વડોદરા–૩૯૦૦૦૧

શાખાઓ : ૧. સરદારભવન, જ્યુબિલી બાગ પાસે, ટે. નં. ૫૪૧૮૨૪

૨. પથ્થરગેટ પાસે, ટે. નં. ૫૪૧૯૩૧

૩. ફતેગંજ ચર્ચ સામે, ટે. નં. ૩૨૯૩૬૪

૪. સરદાર છાત્રાલય, કારેલીબાગ, ટે. નં. ૬૪૮૧૨

૫. ગોરવા જકાતનાકા પાસે, વડોદરા, ટે.નં. ૩૨૮૩૪૯

દરેક પ્રકારનું બૅન્કિંગ કામકાજ કરવામાં આવે છે.

મૅનેજર : કાંતિભાઈ ડી. પટેલ મંત્રી : ચંદ્રકાંતભાઈ યુ. પટેલ

પ્રમુખ : કીકાભાઈ પટેલ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આઝાદીના આંદોલનમાં મહિલાઓનું પ્રદાન*

[ખેડા જિલ્લો]

ડૉ. મગનભાઈ આર. પટેલ

હિંદુસ્તાનનું બ્રિટિશ શાસન હેઠળ રહેવું સૌ માટે દુઃખદ થયું હતું. આઝાદીની પ્રાપ્તિ માટે અનેક કરુણ ઘટનાઓ બનેલી છે. હિંદના સ્વાતંત્ર્યસંગ્રામમાં ગુજરાતનો ફાળો ઓછો નથી. ખેડા જિલ્લામાં પુરુષોની સાથે મહિલાઓ પણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાયરૂપ બનેલી છે. મહિલાઓને ખૂબ પ્રોત્સાહિત કરી હતી. મહિલાઓમાં જાગૃતિ લાવવા એમણે ઘણા પ્રયાસો કર્યા હતા તેથી શિક્ષિત તેમજ અશિક્ષિત એમ બધા પ્રકારની મહિલાઓમાં નૂતન જીવ ભાવનાનો પ્રારંભ થયો હતો.

ખેડા જિલ્લાની મહિલાઓને મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, વિઠ્ઠલભાઈ પટેલ તથા રવિશંકર મહારાજ જેવા વિરલ નેતાઓનાં માર્ગદર્શન અને પ્રોત્સાહન મળ્યાં હતાં તેથી સત્યાગ્રહની લડતો, અસહકાર-આંદોલન, સવિનય-કાનૂનભંગ વગેરે અનેક સ્વાતંત્ર્યચળવળમાં ખેડા જિલ્લાની મહિલાઓ સક્રિય બની હતી. રેંટિયો, ખાદી, રાષ્ટ્રિય કેળવણી જેવી વિવિધ પ્રવૃત્તિઓમાં એમણે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રવૃત્તિ દ્વારા એમણે દેશસેવાનું મોટું કાર્ય કર્યું હતું. બોરસદમાં દારૂની દુકાનમાં પિકેટિંગ માટે સેંકડો બહેનો ગયેલી. સત્યાગ્રહઆશ્રમવાસી એક બહેન લીલાવતી આશર પ્રત્યે બોરસદના લોકઅપમાં પોલીસ ઈન્સ્પેક્ટરે અપમાનભર્યું વર્તન ચલાવ્યું હતું.

હિંદના રાષ્ટ્રિય નેતાઓએ આઝાદી પ્રાપ્ત કરવા માટે શરૂ કરેલ ખેડા સત્યાગ્રહ, બોરસદ સત્યાગ્રહ, રાસ સત્યાગ્રહ, બારડોલી સત્યાગ્રહ તેમજ ૧૯૪૨ ના 'હિંદ છોડો' વગેરે આંદોલનોમાં ખેડા જિલ્લાની મહિલાઓએ સક્રિય બનીને તેમજ પોતાના પુરુષોને સતત પ્રોત્સાહન આપીને માભોમને માટે અનેરું કાર્ય કર્યું હતું. સ્વાતંત્ર્ય-લડતમાં નાની સ્ત્રીઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લઈને અનેરું કાર્ય કર્યું હતું.[?]

ખેડા જિલ્લાનાં વિવિધ નગરો તથા ગામોની મહિલાઓએ આઝાદીની લડતોમાં જે અદ્ભુત કામગીરી બજાવેલી તેમજ જેલવાસ ભોગવેલા તે બધાંને મહિલાઓનું અત્રે વિશ્લેષણ કરવા પ્રયાસ કર્યો છે.

**આણંદ :** આણંદ નગરમાં શ્રીમતી નર્મદાબહેન ભાઈ ... બહેન ધર્મપત્ની હતાં તેમણે સુરત તેમજ ભરૂચમાં રાષ્ટ્રિય જાગૃતિ લાવવા માટે નિરંતર પ્રયાસ કરી હતી. તેમાં ૧૯૩૦ અને ૧૯૩૨ માં એમને જેલવાસ ભોગવવો પડ્યો તથા ૧૯૪૦-૪૨ માં પણ એમણે સક્રિય ભાગ લીધો હતો. એમણે ખાદીવ્રત લીધું હતું.[?]

**કરમસદ :** સરદાર વલ્લભભાઈ પટેલનાં પુત્રી કુ. મણિબહેન પટેલ કરમસદનાં વતની હતાં. એઓ ગુજરાત વિદ્યાપીઠનાં સ્નાતક હતાં. એમણે ૧૯૩૦ થી ૧૯૫૦ સુધી સરદાર પટેલની એકનિષ્ઠ સેવા બજાવી હતી. સમગ્ર ભારત અને ખેડા જિલ્લામાંથી ૧૯૫૨ ની ચૂંટણીમાં લોકસભાનાં સભ્ય તરીકે ચૂંટાયાં હતાં. નવજીવન ટ્રસ્ટ, ... ટ્રસ્ટ, કસ્તૂરબા ટ્રસ્ટ વગેરેનાં ટ્રસ્ટી તરીકે સેવા બજાવેલી. કોંગ્રેસની અનેક લડતમાં એમણે જેલનિવાસ ભોગવેલ. રેંટિયો, ખાદી પ્રવૃત્તિ, રાષ્ટ્રિય કેળવણી, અસહકાર, સવિનય-કાનૂનભંગ વગેરે અનેક પ્રવૃત્તિમાં એમણે સક્રિય રહીને દેશસેવા માટે સતત કામગીરી બજાવી હતી. ખેડા જિલ્લાની આ વીરાંગનાએ સમગ્ર ભારતના નારી-સમાજ માટે ત્યાગ અને ગૌરવની મૂર્તિ-સમાન બની રહ્યાં.

* ગુજરાત ઇતિહાસ પરિષદના સોળમા અધિવેશન (આણંદ)માં તા. ૧૬-૧૮ ફેબ્રુ૦'૯૧ માં વંચાયેલ નિબંધ



For Private and Personal Use Only

**પેટલાદ :** પેટલાદ નગરનાં વતની પ્રેમીલાબહેન રસિકલાલ પરીખે નાની ઉંમરે જાહેર પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લીધો હતો. એઓ મ્યુનિસિપાલિટીની ચૂંટણીમાં પણ વિજયી બન્યાં હતાં. દેશના હિતમાં અનેક ઠરાવો કરીને નોંધપાત્ર કાર્ય કર્યું હતું.

**સોજિત્રા :** પા. કમળાબહેન શંકરભાઈ સોજિત્રાનાં વતની હતાં. ૧૯૨૦ માં એમણે સરકારી શાળાનો બહિષ્કાર કર્યો હતો. ૧૯૨૫ થી ૧૯૨૯ સુધી સત્યાગ્રહ–આશ્રમ, સાબરમતીમાં એઓ રહ્યાં હતાં. એમણે પિકેટિંગ વગેરે પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો.

પા. જયાબહેન બાબુભાઈએ ૧૯૪૨ ની લડત વખતે સુરત જિલ્લામાં બારડોલી ગામે પિકેટિંગ કર્યું ત્યારે એમની ધરપકડ થઈ હતી. એમણે ત્રણ માસની જેલની સજા ભોગવેલી.

પા. ડાહીબા નાથાભાઈ સોજિત્રાનાં નિવાસી હતાં. એમણે ૧૯૩૦ માં માતર તાલુકાનાં લીંબાસીમાં સ્ત્રીઓની પરિષદમાં મંત્રી તરીકે ફરજ બજાવી હતી. એમની ધરપકડ થઈ અને એમણે ૪ માસની સજા ભોગવી હતી.

પા. શાંતાબહેન શંકરભાઈ સોજિત્રાનાં વતની હતાં. ૧૯૩૦ ના મીઠા સત્યાગ્રહ વખતે કસ્તૂરબાની બહેનોની ટુકડીમાં એઓ સક્રિય હતાં. એમણે વિદેશી કાપડનો બહિષ્કાર કર્યો હતો તેથી ૧૦ માસની સજા એમને થઈ હતી. રાસમાં પણ બે વર્ષની સજા થયેલી.

**ભાદરણ :** શ્રીમતી કાશીબહેન પુરુષોત્તમદાસ પટેલનો જન્મ ભાદરણમાં થયેલો. મહાત્મા ગાંધીજીની પ્રેરણાથી દારૂનાં પીઠાં અને વિદેશી કાપડની દુકાનો પર જઈને એમણે પિકેટિંગ કરેલું. એઓ લોકોને ખૂબ સમજાવતાં. સભા સરઘસો દ્વારા પ્રજામાં જાગૃતિ લાવવાનું એમણે ખૂબ જ મહત્ત્વનું કાર્ય કર્યું હતું. ૧૯૪૨ ની લડતમાં પણ એમણે ભાગ લીધેલો અને ત્રણ વખત જેલવાસ ભોગવેલો.

પા. કાશીબહેન પુરુષોત્તમ ૧૯૩૧ માં અસ્પૃશ્યતાનિવારણ અંગે ખાદીપ્રવૃત્તિમાં સક્રિય બન્યાં હતાં.

પા. મણિબહેન શિવાભાઈ ભાદરણનાં વતની હતાં. ૧૯૨૧ માં અસહકારની લડત વખતે એમણે સ્વયંસેવિકા તરીકે કાર્ય કર્યું હતું. આણંદ તાલુકામાં એમણે લડત ઉપાડી હતી, ૧૯૨૩ માં નાગપુર સત્યાગ્રહ–સંચાલનમાં પણ એમણે સહાય કરી હતી. ૧૯૨૮ માં બારડોલી સત્યાગ્રહમાં એમણે ભાગ લીધો હતો. કરોદ કેંદ્રમાં પણ કામ કર્યું હતું. ૧૯૩૦ ની નાકરની લડત વખતે એમને ૧ વર્ષની જેલ થઈ હતી. નાકરની લડતમાં પોતાનાં બાળકો સાથે એમણે જેલની સજા ભોગવી હતી. અને ૧૯૩૨ માં આખા કુટુંબ સાથે જેલવાસ ભોગવ્યો હતો.

**ઉમરેઠ :** શ્રી કુસુમબહેન હરિલાલ દેસાઈ ઉમરેઠનાં વતની હતાં. ગાંધીજી અને કસ્તૂરબાના નજીકના પરિચયમાં આવતાં એમણે રાષ્ટ્રીય આંદોલનમાં કસ્તૂરબા સાથે પ્રવાસ ખેડ્યો હતો. ખેડા જિલ્લામાંથી એમની ધરપકડ થયેલી અને એમણે જેલની સજા ભોગવેલી.

તારાબહેન કિરતાશંકર ઠાકોરનું વતન ઉમરેઠ હતું. એમણે ભગિની સહાયક સહકારી ગૃહઉદ્યોગ મંદિરનાં મંત્રી તરીકે કામગીરી બજાવેલી. એઓ એક સમાજસેવિકા હતાં.

**ઓડ :** શ્રીમતી ડાહીબહેન રાવજીભાઈ પટેલ ઓડનાં વતની હતાં. સાબરમતીતટે આશ્રમમાં પતિ સાથે રહેતાં હતાં. ૧૯૩૦માં થી કસ્તૂરબા સાથે અમદાવાદ જલાલપોર આણંદ માતર નડિયાદ તેમજ બોરસદની આસપાસનાં ગામોમાં સત્યાગ્રહ, સરકારી કાનૂનનો ભંગ અને પિકેટિંગ વગેરે પ્રવૃત્તિઓ દ્વારા લડતમાં ભાગ લેતાં હતાં. એઓ ખાદીપ્રવૃત્તિમાં પણ સક્રિય હતાં. એમને ૭ વખત જેલ થયેલી તથા પોલીસનો લાઠીમાર પણ ખાધેલો.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પા. કાશીબહેન પુરુષોત્તમ ઓડનાં નિવાસી હતાં. ૧૯૩૦ માં વિદેશી કાપડની દુકાનો પર એમણે પિકેટિંગ કરેલું. એ સમયે એમની ધરપકડ કરવામાં આવી હતી અને એમને છ માસની જેલ થઈ હતી.

પા. કાશીબહેન હનુમાનભાઇ ઓડનાં વતની હતાં. ૧૯૩૨ ની લડતમાં એમણે નોંધપાત્ર કાર્ય કર્યું હતું. એમને ૧ વર્ષની સજા થયેલી.

પા. ગંગાબહેન દેસાઈભાઈ ઓડનાં નિવાસી હતાં. ૧૯૩૨ ની લડત વખતે સુણાવમાં મોટું સરઘસ નીકળેલું તે વખતે એમની ધરપકડ કરવામાં આવેલી અને એમને ત્રણ માસની સજા તથા રૂા. ૩૦૦ નો દંડ થયેલો. ૧૯૩૩ માં પણ એમને જેલ થયેલી.

પા. દિવાળીબહેન પૂંજાભાઈ ઓડનાં વતની હતાં. એમણે ખેડા અને ૧૯૩૦ ની લડતમાં ભાગ લીધેલો. આણંદની વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ કરેલું તેથી એમને છ માસની સજા થયેલી. ઓડમાં મીઠું વેચતાં પણ એમને જેલવાસ ભોગવવો પડેલો. ૧૯૩૨ ની લડત વખતે પણ એમને બે વર્ષની જેલની સજા થયેલી.

પા. સૂરજબહેન ઝવેરભાઈ ઓડનાં નિવાસી હતાં. ૧૯૩૦ માં આણંદમાં વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ કરતાં એમની ધરપકડ થયેલી અને એમને છ માસની સજા થયેલી.

પા. હરખાબહેન છોટાભાઈ, એમનું નિવાસસ્થાન ઓડ હતું. ૧૯૩૦ માં આણંદમાં વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ કરતાં એમની ધરપકડ થયેલી અને એમને પણ છ માસની સજા થયેલી.

**ગંભીરા** : શ્રીમતી પ્રભાવતીબહેન અંબાલાલ શાહ ગંભીરાનાં વતની હતાં. એઓ બાળવિધવા થયાં હતાં. ૧૯૪૧ ના વ્યક્તિગત સત્યાગ્રહમાં તેમજ ૧૯૪૨ ની આઝાદીની લડતમાં એમણે સક્રિય ભાગ લીધો હતો અને બે વાર જેલવાસ ભોગવ્યો હતો.

**આખડોલ** : પટેલ દિવાળીબહેન આખડોલનાં વતની હતાં. એમણે ૧૯૩૨ ની લડતમાં ભાગ લીધો હતો. મહેસૂલ નહિ ભરતાં એમણે ગાયકવાડી ગામમાં પણ હિજરત કરી હતી.

**ઉત્તરસંડા** : ચોકસી વિમળાબહેન મણિભાઈ ઉત્તરસંડાનાં વતની હતાં. ૧૯૪૨ ની ક્રાંતિ વખતે એઓ ભૂગર્ભમાં કામ કરતાં હતાં. એમણે અમદાવાદથી પત્રિકાઓ તેમજ સ્ફોટક પદાર્થો છૂપી રીતે લાવવાનું ભારે જોખમવાળું કાર્ય કર્યું હતું.

**નડિયાદ** : દલાલ કપિલાગૌરી ચંદુલાલ નડિયાદનાં રહેવાસી હતાં. ૧૯૩૦ ની લડતમાં આગેવાની લઈને એમણે વિદેશી ચીજવસ્તુઓનો બહિષ્કાર કર્યો હતો, પિકેટિંગ અને ભાષણો પણ કર્યાં હતાં. ૧૯૪૧ ની લડત વખતે એમને જેલવાસ થયો હતો.

નાયક પુષ્પાબહેન નીલકંઠ નડિયાદનાં વતની હતાં. ૧૯૪૨ ની લડત વખતે મુંબઈમાં સ્વયં-સેવિકા તરીકે એમણે કાર્ય કર્યું હતું. ૧૯૪૩ અને પછીની લડતોમાં કોન્ગ્રેસનું કામ કર્યું હતું.

**વસો** : દેસાઈ શકુંતલાબહેન મહેંદ્રભાઈ વસોનાં નિવાસી હતાં. ૧૯૩૦ માં વિદેશી કાપડની દુકાનો પર જઈને પિકેટિંગ કર્યું હતું. એમને ૧૧ મહિનાની સજા થયેલી. ૧૯૩૯ માં વ્યક્તિગત સત્યાગ્રહ સમયે ૧૪ દિવસ અટકાયતમાં રહેલાં.

દેસાઈ શાંતાબહેન સૂર્યકાંત વસોનાં હતાં. એમણે ૧૯૩૦ ના મીઠા–સત્યાગ્રહની લડતમાં ભાગ લીધેલો, ૫ દિવસની સજા ભોગવેલી અને ફરીથી એમને ૧૧ માસની સજા થયેલી. ૧૯૩૨ માં વીરસદમાં એમની ધરપકડ થયેલી તથા પુનઃ ૯ માસની જેલની સજા અને રૂા. ૨૦૦ નો દંડ થયો હતો.

પા. ઝવેરબા નારણભાઈ વસોનાં રહેવાસી હતાં. ૧૯૩૨ માં બોરસદમાં બહેનોના સરઘસ પર લાઠીમાર થયેલો તે સમયે પોસ્ટ ઑફિસ પાસે પિકેટિંગ કરતાં એમની ધરપકડ થયેલી અને એમને છ



For Private and Personal Use Only

માસની જેલની સજા તથા રૂા. ૧૦૦ નો દંડ પણ થયેલો.

ભક્તિલક્ષ્મી ગોપાળદાસ દેસાઈ વસોનાં વતની હતાં. એઓ મૂળ પાટીદાર જ્ઞાતિનાં હતાં. એમના પતિ દરબાર ગોપાળદાસ અંબાઈદાસ દેસાઈ હતા. એમની સાથે રાતદિવસ દેશસેવા કરવામાં એઓ અથાગ શ્રમ ઉઠાવતાં, જે વિશે પ્રમાણમાં ઘણા થોડાના જ જાણવામાં હશે...ગામોમાં સરકારે જે હોળી સળગાવી હતી તે બુઝાઈ ન હતી. એ ગામોમાં દરબારશ્રીના અંગત મકાનો ઉપર સરકારે તાળાં લગાવ્યાં હતાં, પણ એ નીડરપણે એમણે અને એમનાં પત્નીએ તોડી નાખ્યાં હતાં...આમ ગુજરાતે પહેલી જ વાર એક સુરેખ વીરાંગનાનો ભેટો આપ્યો છે.

ખેડા જિલ્લાની ટુકડી ૨૨–૬–૧૯૨૩ ના રોજ નાગપુર પહોંચી. શ્રી ભક્તિબા તથા અન્ય ત્રણ બહેનોએ પણ નાગપુર જઈને ઝંડાનું ગૌરવ સંભાળ્યું હતું. રવિશંકર મહારાજ લખે છે કે "સત્યાગ્રહ માટે ખાસ ટુકડી ઊપડી એ વખતે ભક્તિબાએ બધાના કપાળમાં કંકુથી ચાંલ્લા કર્યા હતા. વળી, એમણે સ્વરાજ્યપ્રાપ્તિ અર્થે રાજ્યનો ત્યાગ કરવાની પતિની ભાવનાને હૃદયપૂર્વક ટેકો આપ્યો હતો. ૧ કરોડ રૂા. ની થેલી કાઠિયાવાડમાંથી ફંડ ઉઘરાવી ગાંધીજીને આપી. ૧૯૩૨ અને ૧૯૪૦ ના સત્યાગ્રહોમાં જેલ ભોગવી. લીંબડીમાં કાઠિયાવાડ પ્રજા પરિષદની સભામાં લાઠીમાર વખતે સૌને માટે પ્રેરણામૂર્તિ બની રહ્યાં.

ખેડા જિલ્લાનાં આ દેશપ્રેમી મહિલાઓએ રાષ્ટ્રના હિતમાં આ રીતે અદ્ભુત કાર્ય કર્યું હતું.

**બોરસદ :** દેશનાં સ્વાતંત્ર્ય-યુદ્ધોમાં આ ગામે દર વખતે પોતાનો ફાળો આપેલ છે. ૧૯૩૦-૩૨ ની લડતમાં ગામનાં ૩૨ સ્ત્રી-પુરુષોએ જેલો ભોગવેલી.

**દીવાલી :** કાશીબહેન દીવાલીનાં વતની હતાં. ૧૯૩૨ ની લડતમાં છ માસની જેલ થયેલી. ૧૯૩૯ માં લાંબાવેલ ચિખોદરા અને બોરિયાવીમાં વ્યક્તિગત સત્યાગ્રહમાં ફરીથી એમને જેલની સજા થઈ હતી.

**ડભાણ :** નર્મદાબહેન ચિમનલાલ ભટ્ટ ડભાણનાં રહેવાસી હતાં. ૧૯૩૦ ની લડતમાં એમણે દારૂબંધી અને વિદેશી કાપડનો બહિષ્કાર કરેલો તેથી એમને ૩ માસની સજા થઈ હતી.

**ચિખોદરા :** પા. કાશીબહેન સોમાભાઈનું વતન ચિખોદરા હતું. ૧૯૩૦ ની લડતમાં કસ્તૂરબા સાથે બહેનોની ટુકડીમાં સુરત જિલ્લામાં એમણે કામ કરેલું. એમની ધરપકડ થયેલી અને ત્રણ માસ જેલની સજા થયેલી. એમણે ઘરેણાંનો ત્યાગ કરી જીવનભર ખાદી પહેરવાનો નિર્ણય કર્યો હતો.

**બોરિયાવી :** પા. કાશીબહેન મહલુભાઈ બોરિયાવીનાં વતની હતાં. ૧૯૪૨ માં ગાંધીજીની આજ્ઞાથી વ્યક્તિગત સત્યાગ્રહમાં એમણે ભાગ લીધેલો, જેથી એમને ત્રણ માસ જેલ જવું પડેલું. ૧૯૪૩ માં પણ એમની ધરપકડ થયેલી અને રૂા. ૧૦૦ નો દંડ થયેલો.

**વીરસદ :** પા. મણિબહેન સંકુભાઈ પાટીદાર જ્ઞાતિનાં હતાં. એમનું વતન વીરસદ હતું. ૧૯૩૦ ની ચળવળમાં એમણે પિકેટિંગ કરેલું અને પત્રિકાઓના વિતરણ-વિભાગમાં પણ એમણે કાર્ય કર્યું હતું. એમણે ૧૯૪૨ની ચળવળમાં પણ ભાગ લીધો હતો.

**કપડવંજ :** શ્રીમતી સવિતાબહેન જયશંકર ત્રિવેદી કપડવંજનાં નિવાસી હતાં. ભરૂચ જિલ્લામાં જંબુસર તાલુકાના કારેલી ગામમાંથી ભાષણ કરતાં એમની ધરપકડ થયેલી અને ૫ માસનો જેલવાસ એમને ભોગવવો પડેલો. બોરસદમાંથી પણ એમની ધરપકડ થયેલ અને એમને પાંચ માસની જેલ થયેલી.

કુસુમબહેન હરિભાઈ દેસાઈ વણિક કોમનાં હતાં. એમનું વતન કપડવંજ હતું. એમણે ગાંધીજી અને કસ્તૂરબાનો વિશ્વાસ સંપાદન કરેલો. એમના પત્રવ્યવહાર સંભાળવામાં ગાંધીજીને મદદ કરતાં.



For Private and Personal Use Only

બારડોલી તાલુકામાં અને ભરૂચ જિલ્લામાં દારૂ–તાડીનાં પીઠાં તથા પરદેશી કાપડ પર ચોકીનું કામ કરતાં એમને બોરસદ સત્યાગ્રહમાં જેલની સજા થયેલી.

**વાડાસિનોર :** વીરમતી નટવરલાલ મોદીનું વતન વાડાસિનોર હતું. ૧૯૪૨માં પતિ તુલસીદાસ મોદી અડાસ ગોળીબારમાં શહીદ થતાં ૧૯૪૫માં જાણીતા સમાજવાદી કાર્યકર નટવરલાલ મોદી સાથે એમણે સુધારક વિધવા–લગ્ન કર્યું.

**મહેમદાવાદ :** જોશી પાવર્તીબહેન મોહનલાલ મહેમદાવાદનાં વતની હતાં ૧૯૩૦ માં દારૂના પીઠા ઉપર એમની ધરપકડ થયેલી. એમને એક માસની સજા અને રૂા ૧૫૧ નો દંડ થયેલ. ૮૨ વર્ષની ઉંમરે એમનો જુસ્સો ગજબનો હતો. ફરીથી એમની અમદાવાદમાં સરઘસમથી ધરપકડ થઈ અને બે માસની સજા તથા રૂા. ૫૦૧ નો દંડ કર્યાં હતાં.

દેસાઈ જયાબહેનનું વતન મહેમદાવાદ હતું. ૧૯૩૨ ની લડત વખતે મહેમદાવાદ તાલુકાની રાજકીય પરિષદનું પ્રમુખસ્થાન એમણે સંભાળેલું, એ સમયે એમની ધરપકડ કરવામાં આવી હતી.

શાહ શારદાબહેન ચંદુલાલ પણ મહેમદાવાદનાં વતની હતાં. ૧૯૩૦ ની લડતમાં એમણે ભાગ લીધેલો. એઓ કલકત્તામાં પિકેટિંગ–પ્રચારપત્રિકાની કામગીરી બજાવતાં, કલકત્તા જેલમાં એમને છ માસની સજા થયેલી.

આ રીતે ખેડા જિલ્લાનાં નગરો તથા ગામો, જેવાં કે આણંદ કરમસદ પેટલાદ સોજિત્રા ભાદરણ ઉમરેઠ ઓડ ગંભીરા આખડોલ ઉત્તરસંડા નડિયાદ વસો ધર્મજ લીંબાસી ડભાણ ચિખોદરા બોરિયાવી વીરસદ કપડવંજ વાડાસિનોર તથા મહેમદાવાદ વગેરેમાંથી મહિલાઓએ આઝાદીની લડતોમાં સક્રિય બનીને અદ્ભુત કાર્ય કર્યું હતું. ખૂબ ઉત્સાહ અને હિંમતથી વિદેશી કાપડની દુકાનો અને દારૂ–તાડીનાં પીઠાં પર પિકેટિંગ કરવાનું જોખમવાળું કાર્ય કર્યું હતું. નાની બાળાઓ તથા મહિલાઓ પ્રભાતફેરી ધ્વજવંદન તથા સભા–સરઘસોમાં જતાં, કારાવાસ ભોગવતાં, દંડ કે લાઠીની કે જપ્તીની પરવા ન કરતાં ભૂખ તરસ કે તાપ અથવા ઠંડીની દરકાર પણ ન કરતાં. પોલીસની લાઠીઓ અને અપમાન પણ સહન કરતાં.

ખેડા જિલ્લાની મહિલાઓ સૂરત અને અમદાવાદમાં પણ સેવાતાલીમશિબિરોમાં સારી સંખ્યામાં જતી. યરવડા અને બેલગામની જેલોમાં એમણે ખૂબ ત્રાસ ભોગવેલો. ૧૯૪૨ ની 'હિંદ છોડો' ચળવળમાં પણ ખૂબ મોટી સંખ્યામાં મહિલાઓ જેલમાં ગયેલાં ને સાબરમતી જેલ તો '૪૨થી '૪૫ સુધી બહેનોએ ધમધમાવી મૂકેલો......સ્વરાજ્યની લડતોથી ગુજરાતની બહેનોમાં અપૂર્વ જાગૃતિ આવી હતી.

આમ, દેશના સ્વાતંત્ર્ય–સંગ્રામમાં પુરુષોની સાથે સાથે મહિલાઓએ પણ ઓછા પ્રમાણમાં છતાં સક્રિય ભાગ લીધો. એ માટે એમણે બલિદાનો આપ્યાં હતાં, એમણે સરકારી પોલીસની લાઠીઓનો વારંવાર માર ખાધો હતો અને એમણે જેલમાં પણ ખૂબ મુશ્કેલીઓ વેઠી હતી, એમ છતાં એમણે સ્વાતંત્ર્ય માટેની લડતમાં પીછેહઠ કરી ન હતી. એઓ સ્વાતંત્ર્ય–સંગ્રામમાં 'અબળા'ને બદલે 'પ્રબળા' પુરવાર થઈ હતી તેથી જ્યારે સ્વાતંત્ર્યસેનાનીઓનું સ્મરણ કરવામાં આવે ત્યારે આ દેશભક્ત સ્ત્રીઓની વિસ્મૃતિ ન થાય એ જોવું જોઈએ.*

ઠે. ઈતિહાસ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર–૩૮૮૧૨૦

* વિદ્વાન લેખકે પોતાનો આ નિબંધ અનેક સંદર્ભો આપીને તૈયાર કરેલો. સ્થળસંકોચને કારણે સંદર્ભો આપા શકાયા નથી એની ક્ષમા ચાહિયે છિયે. –તંત્રી



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મિંયાણીથી પ્રાપ્ત વિષ્ણુ

શ્રી. હિતકર મહેતા

જગતના પાલક દેવ વિષ્ણુ અતિ પ્રાચીન દેવ છે. એમની ભક્તિનો પ્રચાર પ્રાગૈતિહાસિક કાલ પહેલાં પણ હોવાનું એક અનુમાન છે.[1] પ્રાચીન ભારતીય ઉપખંડમાં વિષ્ણુની ભિન્ન ભિન્ન નામોથી પૂજા થતી અને આજ પણ એ પરંપરા ચાલુ છે. ગુજરાતમાં પણ વિષ્ણુપૂજાનો પ્રચાર પ્રાચીન કાલથી હતો એવા સાહિત્યિક તેમજ પુરાતાત્ત્વિક પુરાવા મળેલા છે. જૂનાગઢમાં આવેલ પ્રસિદ્ધ શૈલ લેખમાં સ્કંદગુપ્તના સૂબા પર્ણદત્તના પુત્ર ચક્રપાલિતે સુદર્શન તળાવને કાંઠે ઈ. સ. ૪૫૭–૪૫૮ માં ચક્રભૃત્ વિષ્ણુનું મંદિર બંધાવ્યાનો ઉલ્લેખ છે.[2] આ પ્રમાણભૂત લેખથી ગુજરાતમાં વિષ્ણુપૂજા ઓછામાં ઓછી પંદરસો વર્ષ પ્રાચીન સિદ્ધ થઈ જાય છે. વિષ્ણુ ગુજરાતના લોકપ્રિય દેવ હોવા વિશે પણ કોઈ શંકા નથી. ગુજરાતમાં ઠેરઠેરથી વિષ્ણુપ્રતિમાઓ પ્રાપ્ત થઈ છે. ભરૂચ જિલ્લાના તેન ગામમાંથી ડૉ. ર. ના. મહેતાને મળેલ વિષ્ણુપ્રતિમા આશરે ત્રીજા-ચોથા સૈકાની હોવાનું માનવામાં આવે છે.[3] એ પછી તો વિષ્ણુનાં અલગ અલગ સ્વરૂપોની અનેક પ્રતિમાઓ ગુજરાતના જુદા જુદા ભાગોમાંથી મળી આવી છે. વિષ્ણુના પ્રતિમાવિધાન માટે પ્રાચીન સાહિત્યમાં ઉલ્લેખો છે. વિષ્ણુનાં વિવિધ રૂપોની સંખ્યા બાવન જેટલી નોંધવામાં આવી છે.[5] 'રૂપમંડન' અનુસાર વિષ્ણુનાં ચતુર્વિંશતિ સ્વરૂપ છે.[6] વિષ્ણુના ચાર હાથમાં શંખ ચક્ર ગદા પદ્મ જુદા જુદા ક્રમમાં હાથમાં ધારણ કરવાથી આ ચોવીસ ભેદ પડે છે. આ ચોવીસ અવતારોમાંથી દસ અવતારને મુખ્ય ગણવામાં આવે છે. ગુજરાતમાંથી આવી દશાવતાર–પ્રતિમાઓ અલગ અલગ જગ્યાએથી મળી આવે છે. ગાંધીનગર જિલ્લાના ધોળાકૂવા ગામ નજીક આવેલ ધોળેશ્વર મહાદેવના મંદિરમાં આવેલ દશાવતાર-વિષ્ણુની પ્રતિમા તાજેતરમાં નોંધવામાં આવી છે.[7] શાસ્ત્રીય રીતે વિષ્ણુનું પ્રતિમાવિધાન આ રીતે કલ્પવામાં આવે છે, જેમાં વિષ્ણુ સમભંગમાં ઊભા હોય છે. ચાર હાથમાં અનુક્રમે શંખ ચક્ર ગદા અને પદ્મ ધારણ કરેલાં હોય છે. શિરપ્રદેશ પાસે બંને બાજુ શિવ અને બ્રહ્મા તથા પાદાનુરાગે બંને પત્નીઓ અને માથે મુકુટ તથા ગળામાં વનમાલા હોય છે.[8] સૌરાષ્ટ્રનો પશ્ચિમ કાંઠો સંમિશ્રિત સંસ્કૃતિથી હર્યોભર્યો છે. પોરબંદરથી દરિયાના કાંઠે વાયવ્યે વીસેક કિ.મી. અંદરને મિયાણી નામનું એક પ્રાચીન ગામ આવેલ છે, જ્યાં પ્રાચીન નોંધપાત્ર દેવાલયો પણ આવેલાં છે. ભગ્ન દેવાલયોનાં કેટલાંક અંગો અત્રતત્ર જોવા મળે છે. અત્રે ચર્ચિત વિષ્ણુપ્રતિમાનો ઉપરનો અર્ધ ભાગ પણ મિયાણીથી પ્રાપ્ત થયેલ છે.[9]

વિષ્ણુની આ પ્રતિમા ખંડિત છે. કટિથી ઉપરનો જ ભાગ પ્રાપ્ત થયેલ છે, પરંતુ ઘસાઈ ગયેલ હોવા છતાં મનોહર મુખાકૃતિ આકર્ષક છે. શિર પર સમૃદ્ધિનો ખ્યાલ આપતો કિરીટ–મુકુટ છે. કાનમાં કુંડળ છે. કાન પાછળથી ઉદ્ગમતી કેશાવલી સ્કંધને સ્પર્શે છે. ગ્રીવામાં ત્રિશેર હાર છે. દેવનો સૌમ્ય ચહેરો ભક્તને શાતા આપે છે. સ્નાયુબદ્ધ સ્કંધ, સપ્રમાણ વૃક્ષઃસ્થળ અને પાતળી કટિ શિલ્પકારનું કલા પરનું પ્રભુત્વ સ્પષ્ટ કરે છે. પ્રતિમા સમભંગમાં હશે એમ શેષ ભાગથી જાણી શકાય છે. ચતુર્ભુજ પ્રતિમાના ત્રણ હાથ ખંડિત છે, જ્યારે ઉપરના વામ હસ્તમાં ચક્ર જળવાઈ રહ્યું છે. 'રૂપમંડન'માં જણાવ્યા અનુસાર જુદા જુદા ક્રમમાં હસ્તમાં ઉપકરણો ધારણ કરવાથી વિષ્ણુનાં જે ચતુર્વિંશતિ રૂપ પ્રગટ થાય છે તે મુજબ આ પ્રતિમાને તપાસીએ તો ફક્ત એક જ આયુધ જળવાઈ રહ્યું હોઈ, નિર્ણાયક રીતે કોઈ મત પણ આપી ન શકાય, એમ છતાં ઉપરના વામ હસ્તમાં ચક્ર હોય તો વિષ્ણુના કેશવ ત્રિવિક્રમ પદ્મનાભ વાસુદેવ અચ્યુત કે ઉપેંદ્ર હોઈ શકે. ગુજરાતમાંથી ત્રિવિક્રમ-



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વરૂપની પ્રતિમાઓ સેંકડોની સંખ્યામાં મળી આવી છે એ જોતાં આ પ્રતિમા પણ ત્રિવિક્રમસ્વરૂપની હોવાનું અનુમાન કરી શકાય. સૌરાષ્ટ્રમાં પ્રાચીન સમયથી વિષ્ણુનું આ સ્વરૂપ વિશેષ લોકપ્રિય હશે એમ માનવાને કેટલાંક કારણો પણ છે. કદવારમાં આવેલ વરાહ મંદિરની[10] દીવાલમાં આવેલ એક ત્રિવિક્રમ-સ્વરૂપની પ્રતિમા જડેલી છે, જેનો સમય ઈ. સ.નો ચોથો-પાંચમો સૈકો ગણવામાં આવે છે.[11]

પ્રસ્તુત પ્રતિમા સ્થાનિક મળતા ખરતા પથ્થર-નિર્મિત છે. કલાસભર કિરીટ-મુકુટ, સૌમ્ય ચહેરો, ત્રિસરી માલા વગેરેનો અભ્યાસ કરતાં આ પ્રતિમા ઈ. સ.ના અગિયારમા સૈકામાં પ્રચલિત સોલંકી-શૈલીની હોવાનું જણાય છે.

## પાદટીપો

૧. દવે. ક. ભા, 'ગુજરાતનું મૂર્તિવિધાન', (અમદાવાદ-૧૯૬૩, પૃ. ૧૬૯)
૨. દેસાઈ શં. હ., 'જૂનાગઢ-સંક્ષિપ્ત પરિચય.' (શ્રી સોરઠ સંશોધન સભા, જૂનાગઢ. ૧૯૬૯, પૃ. ૩૫)
૩. શાહ. ઉ. પ્રે., 'આકોટા બ્રોન્ઝીસ'. (અંગ્રેજી. પૃ. ૬૬)
૪. મહેતા દિનકર, 'દશાવતાર વિષ્ણુ-ઘેળેશ્વર' (સામીપ્ય. એપ્રિલ ૮૮-સપ્ટે. ૮૮. પૃ. ૩૭).
૫. ગોકાણી પુષ્કરભાઈ, 'વિષ્ણુનાં વિભિન્ન સ્વરૂપ.' (પથિક, જુલાઈ-ઓગસ્ટ, '૭૪. પૃ. ૧૦૭)
૬. દવે ક. ભા, ઉપર્યુક્ત પૃ. ૧૭૨. ૭. મહેતા દિનકર. ઉપર્યુક્ત, પૃ. ૩૭
૮. દવે ક. ભા, ઉપર્યુક્ત, પૃ. ૧૭૧
૯. સને ૧૯૮૯-૯૦ નું વર્ષ પુરાતત્ત્વ ખાતાનું રજત જયંતી વર્ષ હતું. એ સંદર્ભમાં પુરાતત્ત્વ વિશેનો એક પ્રવાસ સૌરાષ્ટ્રનાં પ્રાચીન સ્મારકોના અભ્યાસાર્થે યોજવામાં આવેલ. એ સમયે આ શિલ્પ પણ લેખકને મિયાણીથી પ્રાપ્ત થયેલ, જે હાલમાં અમદાવાદમાં પુરાતત્ત્વ-નિયામકની કચેરીમાં સંગૃહીત છે.
૧૦. વિષ્ણુના વરાહસ્વરૂપ માટે જુઓ રવિ હજરનીસનો લેખ, વિદ્યાપીઠ-સળંગ અંક-૧૨૩, મે-જૂન. ૧૯૮૩. ૧૧. દવે ક. ભા., ઉપર્યુક્ત, પૃ. ૧૭૬

---

શુભેચ્છા સહ....
ગુજરાત રાજ્યની ૨૮૮ નાગરિક સહકારી બૅન્કોમાં બૅન્કની
મુખ્ય ઑફિસ તેમજ ૧૯ શાખાઓ મારફત બૅન્કિંગ સેવાઓ
દ્વારા વર્ષો થયાં ગૌરવવંતું પ્રથમ સ્થાન ધરાવતી આપની જ બૅન્ક

**રાજકોટ નાગરિક સહકારી બૅન્ક લિ૦**

(શેડ્યુલ કો-ઓપરેટિવ બૅન્ક)

રજિ. ઑફિસ : નાગરિક ભવન નં. ૧, ઢેબરભાઇ રોડ,
પોસ્ટ બૉક્સ નં. ૨૫૩, રાજકોટ-૩૬૦ ૦૦૧
ગ્રામ : નાગરિક બૅન્ક ફોન : ૩૩૯૧૬-૮ (પીબીએક્સ)

**થાપણો : રૂા. ૧ અબજ ૫૬ કરોડ**
**ધિરાણો : રૂા. ૧ અબજ ૩૧ કરોડ**

જીતુભાઇ શાહ — વાઈસ ચેરમેન
લલિતભાઈ મહેતા — માનદ મૅનેજિંગ ડિરેક્ટર
લાલજીભાઈ રાજદેવ — ચેરમૅન



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ટીંબા અને જોરાજી ઠાકોર

-શ્રી. વીરભદ્રસિંહ સોલંકી

સં. ૧૭૭૮ (ઇ.સ. ૧૭૨૨)ની વાત છે. સાંગોલ-ઠાકોર રાજસંગજી (રાવળજી-સોલંકી) પોતાના ભાઈઓ સરદારસંગજી અને જિતસંગજી સાથે દરબાર ભરીને બેઠા હતા તે સમયે ઊંચવાણ ગામનું (ટીંબા ગામનું) પટેલો અને બીજા મહાજનોનું બનેલ એક પ્રતિનિધિ-મંડળ હાજર થયું.

એઓએ જણાવ્યું કે ઊંચવાણ ગામમાં બંગાળીખાન નામનો એક મલેક સૂબો છે. (ઊંચવાણ અને બાજુના ઉદલપુર ગામમાં મલેક સૂબાની નિમણૂક મહમૂદ બેગડાએ પાવાગઢના પતન પછી એટલે કે ઈ. સ. ૧૪૮૩ પછી કરેલી. મહી નદીની પશ્ચિમ બાજુએ ઠાસરા તાલુકામાં આ જ અરસામાં ૧૨ ગામો આપેલાં હતાં.) આ સૂબો ગામની વસ્તીને ઘણો જ ત્રાસ આપે છે. ગામમાં ફક્ત હિંદુઓની જ વસ્તી છે. હિંદુ વસ્તી હોવાથી કોઈ એઓની ફરિયાદ સાંભળતું નથી. બાજુના ઉદલપુર ગામમાં પણ મલેક સૂબો છે તે પણ કંઈ જ મદદ કરતો નથી; ઉપરથી એ બંગાળીખાનને રૈયતને દુઃખ પહોંચાડવામાં પ્રોત્સાહન આપે છે.

ઊંચવાણના પ્રતિનિધિ-મંડળે સાંગોલ-ઠાકોરને વિનંતી કરી: "આપ હિંદુ રાજા છો, રાજપૂત છો, અમારા પડોશી છો. આપ સિવાય અમને બચાવી શકે, અમારા ધર્મનું રક્ષણ કરી શકે તેવી કોઈ વ્યક્તિ નથી, અમને મદદ કરો. આ સૂબાના ત્રાસથી છોડાવો."

સાંગોલ-ઠાકોર વિચારમાં પડી ગયા. સૂબા ઉપર હુમલો એટલે મુસલમાનો ઉપર હુમલા બરાબર હતું, વૈર મોટું બાંધવું પડે એમ હતું. બીજી બાજુ શરણે આવેલાનું રક્ષણ કરવું એ રાજપૂતી ધર્મ હતો તેથી આનાકાની કરી શકે એમ નહોતું. ભાઈઓ અને પુત્રો સાથે વિચાર-વિમર્શ કરી, પ્રતિનિધિ-મંડળને સાંત્વન આપી વિદાય કર્યું.

આજુબાજુનાં ગામોમાં પોતાના પિતરાઈ ભાઈઓ હતા તેઓ બધાને ભેગા કર્યા અને ઊંચવાણ ઉપર હલ્લો કર્યો.

સાંગોલ ગામ મહી નદીના પશ્ચિમ કાંઠે વસેલું હતું. હાલમાં એ ખેડા જિલ્લાના ઠાસરા તાલુકામાં આવેલ છે. વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન આ ગામની નજીકમાં જ થયેલું છે, જ્યારે ઊંચવાણ ગામ મહી નદીના પૂર્વ કાંઠે અને કૂણ નદીના ઉત્તર કાંઠે સંગમ ઉપર વસેલું હતું. હાલમાં એ પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં છે.

ઊંચવાણ ગામથી ઉત્તરમાં થોડે દૂર એક ખેતરમાં બંગાળીખાન અને રાજસંગજી વચ્ચે યુદ્ધ થયું તેમાં બંગાળીખાન મરાયો, સાથે થોડા રાજપૂતો પણ મરાયા.

જે ખેતરમાં યુદ્ધ થયું હતું તે ખેતરને ત્યારથી 'તુર્કવાળું' કે 'તર્કવાળું' ખેતર કહેવામાં આવે છે. મુસલમાનોને પહેલાંના જમાનામાં 'તુર્ક' તરીકે ઓળખવામાં આવતા. આજે આ ખેતરની માલિકી ટીંબા ગામના શ્રી રમેશભાઈ રઈજીભાઈ પટેલની છે. યુદ્ધમાં જ્યાં રાજપૂતો મરાયા હતા તે જગ્યાએ એઓની યાદમાં એક પાળિયો ઊભો કરવામાં આવ્યો છે. આ પાળિયાની પૂજા તહેવારોના દિવસોએ તેમજ એ ખેતરના પાકની કાપણી-વાવણી વખતે આજે પણ શ્રી રમેશભાઈ કરે છે.

રાજસંગજીએ કઠલાલ(જિ. ખેડા)ના ઠાકોર ભૂતાજી ગોહિલના દીકરી ભાવાંબા સાથે લગ્ન



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કર્યું હતું. એઓથી એમને પાંચ સંતાન (૧) પહાડસંગજી, (૨) ફતેસંગજી, (૩) પરતાપબા (જેઓનું લગ્ન સૂંથ-હાલનું સંતરામપુર-ના રાણાજી સાથે થયું હતું.) (૪) વખતબા, (૫) જોરાજી. આમ જોરાજી સૌથી નાના કુંવર હતા, પરંતુ ઘણા જ બહાદુર અને શક્તિશાળી હતા. ઊંચવાણના યુદ્ધમાં એમણે ઘણું જ પરાક્રમ બતાવ્યું અને બંગાળીખાનનો વધ એઓએ કર્યો. આમ કરવા જતાં એ ઘણા જ ઘાયલ થયેલા. યુદ્ધની જગ્યાએથી પૂર્વ તરફ ઘાયલ હાલતમાં જ ભાગ્યા. હાલ જ્યાં શ્રી અભયસિંહ કિશોરસિંહ ઠાકોર(લેખકના પિતાજી)નું ખેતર આવેલું છે ત્યાં આગળ ઢળી પડચા, ત્યાં જ પ્રાણ છોડચો. એઓની યાદમાં આ ખેતરનું નામ 'જોરાવાળું' કે 'ઝોરાવાળું' રાખ્યું.

બંગાળીખાનનું મૃત્યુ થવાથી ઊંચવાણની હિંદુ પ્રજા ગભરાઈ ગઈ. હવે એઓનો કાળ નિશ્ચિત રીતે આવેલો લાગ્યો. ખેડા જિલ્લા બાજુનાં બાર ગામના મલેકો અને ઉદલપુરનો મલેક એઓને જીવતા નહિ મૂકે એવી આશંકા હતી તેથી ગામના પટેલો અને બીજી પ્રજાએ ઠાકોર રાજસંગજીને હવે ઊંચવાણ જ રહી જવા અને એમનું કાયમી રક્ષણ કરવા વિનંતી કરી. રાજસંગજીએ પોતાના ભાઈઓમાંથી અથવા પોતાના દીકરાઓમાંથી કોઈને મૂકતા જવાની વાત કરી, પરંતુ ગામલોકો એટલા ગભરાયેલા હતા કે એઓ રાજસંગજી સિવાય કોઈને પણ ઊંચવાણમાં રાખવા તૈયાર ન હતા. એઓને એમની ઉપર જ વિશ્વાસ હતો, આથી રાજસંગજીએ પોતાના ભાઈ સરદારસંગજીને સાંગોલ-ગાદી ઉપર બેસાડી ભાઈ જિતસંગજીને પણ સાંગોલ રાખ્યા, જ્યારે પોતે તથા બચેલા બંને દીકરાઓ પહાડસંગજી અને ફતેસંગજી સાથે ઊંચવાણ જ રહેવા નિર્ણય કર્યો. જોરાજીના પુત્ર બાઘરજીને પણ સાથે રાખ્યા.

ઊંચવાણ ગામ મહી નદી અને કૂણ નદીના સંગમ ઉપર હતું તેથી પૂરનો હંમેશાં ભય રહેતો તેમજ મલેકોનાં ગામ નજીકમાં હતાં તેથી એઓ તરફનો પણ ભય રહેતો, આ કારણથી મૂળ ગામથી પૂર્વ તરફ બે ત્રણ કિલોમીટરના અંતરે કૂણ નદીના ઉત્તર કિનારે ઊંચા ટેકરા ઉપર ગામ ફરીથી વસાવ્યું. 'ઊંચવાણ' નામને બદલે નવું નામ 'ટીંબા' રાખ્યું. હાલમાં એ પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં આવેલું છે.

ગામની ચારે બાજુ કાંટાળી વેલ જેવી વનસ્પતિથી કાંકરનો કોટ બનાવ્યો હતો. આ વનસ્પતિ વેલની જેમ એવી છવાઈ જાય છે કે એમાંથી પસાર થવું મુશ્કેલ બને. (ગામના વિકાસ સાથે કાંકરનો કોટ રહ્યો નથી, પણ કોઈક જગ્યાએ એના અંશ મોજૂદ છે.) ગામમાં જવા આવવા માટે બે દરવાજા રાખવામાં આવ્યા હતા. મુખ્ય દરવાજો ઉત્તર તરફ રાખવામાં આવ્યો અને જોરાજીની યાદમાં એને 'જોરાજીનો ઝાંપો' એવું નામ આપવામાં આવ્યું. હાલ આ ઝાંપે પ્રાથમિક શાળા આવેલી છે, જ્યારે બીજો દરવાજો નદી તરફ દક્ષિણમાં રાખવામાં આવ્યો, જેથી નદીએ જવા આવવાની અનુકૂળતા રહે. નદીના સામે કિનારે 'વિઘાખત્રા'નું સ્થાનક બનાવવામાં આવ્યું હતું તે આ ઝાંપાની સામે હોવાથી તેને 'વિઘાખત્રાનો ઝાંપો' એવું નામ આપ્યું.

જોરાજીના દીકરા બાઘરજીનો નિર્વંશ જતાં હાલમાં ટીંબા ગામમાં પહાડસંગજી અને ફતેસંગજીના વંશજો હયાત છે તેમજ પટેલ બ્રાહ્મણ વાણિયા સુથાર બારૈયા વાળંદ લુહાર હરિજન તીરઘર ચમાર વણકર પ્રજાપતિ વગેરે અનેક કોમની પ્રજા વસે છે. ગામની વસ્તી આશરે પાંચ હજાર ઉપરની છે.

ઠે. ૧૭, દયાળબાગ, માંજલપુર, વડોદરા-૩૯૦૦૧૧



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પાદલિપ્તપુર (પાલિતાણા) એના ઉદ્દભવ અને વિકાસનો ઇતિહાસ*

શ્રી ધીરુભાઈ પુરોહિત

શત્રુંજય પર્વત અતિપ્રાચીન અને પવિત્ર છે; આ સ્થાનની પ્રાચીનતા સૂચવતો શ્લોક જૈન સાહિત્યમાં જોવા મળે છે:

**ભૂમીન્દુઃ સગરઃ પ્રફુલ્લતગરસ્રગ્દામરામપ્રથઃ**
**શ્રીરામો(અ)પિ યુધિષ્ઠિરો(અ)પિ ચ શિલાદિત્યસ્તથા જાવડિઃ।**
**મન્ત્રી વાગ્ભટદેવ ઇત્યભિહિતાઃ શત્રુંજયોદ્ધારિણઃ ॥[1]**

આ શ્લોક સૂચવે છે કે પુરાણકાલમાં પૃથ્વીપતિ મહારાજા સગર, ભગવાન શ્રીરામ તથા યુધિષ્ઠિર આદિએ પણ શત્રુંજયનો ઉદ્ધાર કરેલ છે, જે આ પર્વતની પ્રાચીનતા પુરવાર કરવા માટે પર્યાપ્ત છે.

આ પર્વત લિંગાકાર છે તેથી બ્રાહ્મણો એને પોતાનો પર્વત માનતા હતા અને આ કારણે છેક સોલંકી સિદ્ધરાજ જયસિંહના સમય સુધી બ્રાહ્મણો તથા જૈનો વચ્ચે વિવાદ અને વિગ્રહ ચાલ્યા કરતા.

ખુદ સિદ્ધરાજને હેમચંદ્રાચાર્ય સાથે શત્રુંજય પર જતાં બ્રાહ્મણોએ અટકાવ્યો હતો તેથી એ રાત્રિના સમયે, ઓળખાઈ ન જાય એ રીતે, કાવડિયાનો વેશ ધારી, કાવડની બંન્ને બાજુ ગંગાજળના કુંભ મૂકી પર્વત પર ચઢ્યો હતો. બ્રાહ્મણોની એ દલીલ હતી કે આ પર્વત જલાધારીયુક્ત લિંગના આકારે હોવાથી એને પાદસ્પર્શ થઈ શકે નહિ.

**" શ્રીસિદ્ધાધિપો રજનીમુખે કૃતકાર્પટિકાવેષઃ સ્કન્ધનિહિતવિહંગિકો-**
**ભયપક્ષન્યસ્તગંગોદકસ્તન્મધ્યે ભૂત્વા(ऽ)પરિજ્ઞાતસ્વરૂપ એવ**
**ગિરિમધિરુહ્ય ગંગોદકેન શ્રીયુગાદિદેવં સ્નપયન્ પર્વતસમીપવર્તિ-**
**ગ્રામદ્વાદશશાસનં શ્રીદેવાયૈવ વિશ્રાણયામાસ."[2]**

આ ક્ષેત્રમાં ત્યારે બ્રાહ્મણોનો કેટલો પ્રભાવ હશે ! સિદ્ધરાજ જેવાને પણ ભયથી કાવડિયા બની, ગંગાજળ ઉપાડી રાત્રિસમયે ખુલ્લા પગે જવું પડે એ એની શક્તિની કેવી નામોશી ગણાય !

સિદ્ધરાજે પછી બ્રાહ્મણોને સિહોર (સિંહપુર) ગામ આપી તુષ્ટ કર્યા અને દેવઅર્ચનાર્થે શત્રુંજય તીર્થને-બાર ગામ આપ્યાં. આ બાર ગામો પૈકીનું એક તે પાલિતાણા.

વિવિધ ગ્રંથોમાં પાલિતાણાને પાદલિપ્તપુર, પાલિતનગર, પાલિતાખ્યનગર, પાલિત્તાણ જેવાં ભિન્ન ભિન્ન નામોથી ઓળખાવેલ છે. જૈન ગ્રંથોમાં માથુરી વાચનામાં 'પાલિત્તાણું' કહ્યું છે, જેનું

ઈ. સ. ૩૦૦ના અરસામાં જૈનસંઘમાં પાદલિપ્તાચાર્ય નામે એક પ્રભાવક આચાર્ય થયા તે મુરુંડ (શક) રાજાના સમયમાં થયા. ઈતિહાસમાં આ સમય 'અનુ-મૌર્યકાલ' કહેવાય છે. આ આચાર્ય પ્રતિષ્ઠાનપુર(પેઠણ), ભરૂચ મન્નખેડ તથા પાટલિપુત્રના રાજાઓથી સંમાનિત હતા એમણે પ્રાકૃત કથાસાહિત્યમાં આદર પામેલી 'તરંગવતી' નામે ધર્મકથા રચેલી (હાલ આ રચના ઉપલબ્ધ નથી). આ પાદલિપ્તાચાર્ય તીર્થયાત્રા કરતા કરતા ઉત્તર ભારતથી સૌરાષ્ટ્રમાં આવ્યા ત્યારે સિદ્ધયોગી નાગાર્જુન એમના પ્રભાવમાં આવ્યા અને પોતાના ગુરુ ગણ્યા. આ સિદ્ધયોગી નાગાર્જુને પોતાના ગુરુનું પવિત્ર નામ જોડી પાલિતાણા ગામ શત્રુંજય પર્વતની તળેટીમાં વસાવ્યું અને એને 'પાદલિપ્તપુર' એવું નામ આપ્યું.[3]

* સૌરાષ્ટ્ર-કચ્છ ઇતિહાસ પરિષદ-તા. ૪-૧૧-૯૦ ની બેઠકમાં ઊનામાં વંચાયેલો.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"પાલિત્તાણું ગામો એસો પાલિત્તયસ્સ નામેણુ,
નાગજ્જુણેણુ ઠવિયો ઈમસ્સ તિત્થસ્સ પુજ્જત્થં."[4]
"સિરિસત્તુજયતલહટ્ટિયાઇ નાગજ્જુણેણુ નિમ્મવિયં.
સૂરીણું નામેણું સિરિપાલિત્તયપુરં તઇયા."[5]
"શ્રીપાલિતાખ્યે નગરે ગરીયસ્તરંગલીલાદલિતાર્કતાપમ્,
તડાગભાગઃ ક્ષયહેતુરેતચ્ચકાર મંત્રી લલિતાભિધાનમ્."[6]

આમ પાલિતાણા વિવિધ નામે ઓળખાતું હતું, પરંતુ વ્યવહારમાં તો એ પાલિતાણા જ રહ્યું હોવાનું જણાય છે. વિ. સં. ૧૨૯૬ માં વીરધવલના મંત્રી વસ્તુપાલે શત્રુંજયની યાત્રા કરી હોવાના ઉલ્લેખો છે. આ સમયે વસ્તુપાલે પાલિતાણામાં પોતાની પત્ની લલિતાદેવીના નામથી અતિમનોહર "લલિત સરોવર" કરાવ્યું હતું તેમજ વીરધવલ રાજા તરફથી "અર્કપાલિતક" (અંકેવાળિયા) ગામ શત્રુંજયતીર્થને અપાવ્યું હતું.

"અર્કપાલિતકં ગ્રામમિહ પૂજાકૃતે કૃતી,
શ્રીવીરધવલક્ષ્માપાદ્ દાપયામાસ શાસને."[7]

વિ. સં. ૬૩૦ શીલાદિત્ય રાજાના સમયનો તામ્રપત્રવાળો એક લેખ મળ્યો છે કે જેમાં પાલિતાણાના રાજા વરાહદાસે દ્વારકાના રાજાને હરાવ્યાનો ઉલ્લેખ છે.[8]

આ લેખ પરથી પણ એમ સાબિત થાય છે કે વિ. સં. ૬૩૦ માં પાલિતાણાનું અસ્તિત્વ હતું; એ રાજ્ય અન્ય રાજ્યને હરાવી શકે તેટલું સમર્થ થઈ ચૂક્યું હતું. શ્રી રત્નમણિરાવ ભીમરાવ જોટે કહે છે કે જૂનાગઢના રા'જયસિંહે સેજકજી ગોહિલને નોકરીમાં રાખી સાવર સહિત ૧૧ ગામ આપ્યાં; સેજકજીએ પોતાની પુત્રી વાલમકુંવરને રા'ના પુત્ર માંડલિક સાથે પરણાવી; સેજકજીએ સાવર પાસે સેજકપુર વસાવ્યું; સેજકજીને રાણજી સારંગજી અને શાહજી નામે ત્રણ પુત્રો હતા; હવે આ લોકોને જૂનાગઢના રા' તરફથી વધારે ગામો પણ મળ્યાં હતાં; સેજકજીની જાગીરનો મોટો ભાગ મોટા પુત્ર રાણજીને મળ્યો; રાણજી ભાવનગર રાજ્યનો મૂળ પુરુષ થયો; બીજા પુત્ર સારંગજીને લાઠીનું રાજ્ય મળ્યું; કવિ કલાપી આ સારંગજીના વંશના હતા; ત્રીજા પુત્ર શાહજીને પાલિતાણા મળ્યું.[9]

પાલિતાણા વિશે છેલ્લો આધારભૂત ઉલ્લેખ દીવાન રણછોડજીએ પોતાના ફારસીગ્રંથ 'તવારીખે સોરઠ'માં કરેલો છે, જેનું 'તવારીખે-સોરઠ વ હાલાર' નામે શ્રી શંભુપ્રસાદ હરપ્રસાદ દેસાઈએ ભાષાંતર કરેલું છે, રણછોડજી દીવાન વિ. સં. ૧૮૯૭ ના મહા વદિ ૬ ના રોજ કૈલાસવાસી થયા એ મુજબ એ સમયની પાલિતાણાની રાજકીય સ્થિતિ એઓ આ પ્રમાણે નોંધે છે:

"પાલિતાણા ભાવનગરના ભાયાતને વારસામાં મળેલું છે, તેનો કિલ્લો શત્રુંજય પર્વતની તળેટીમાં છે. ભાંગેલા તૂટેલા આ કિલ્લાને વિ. સં. ૧૭૮૧ માં સમરાવવામાં આવ્યો છે. અહીં દૂરદૂરથી સંઘો યાત્રાર્થે આવે છે.

"આ રાજ્યની પૂર્વ તરફ સમુદ્ર, પશ્ચિમે અમરેલી પરગણું, ઉત્તરે ઝાલાવાડ, શ્રી ભીમનાથ ભાવનગર-બંદર અને ઘોઘા છે, દક્ષિણે બાબરિયાવાડ, ઊના પરગણું અને મુઝફ્ફરાબાદ છે. આ રાજ્યની પેદાશ આઠ લાખ રૂપિયા છે."[10]

સામાન્ય લોકમાન્યતા એવી છે કે 'સિદ્ધહેમ'ના કર્તા હેમચંદ્રાચાર્યનું અવસાન પાટણમાં થયું હશે, પરંતુ પ્રો. પિટર્સને નોંધ્યું છે કે હેમચંદ્ર અનશન કરી શત્રુંજય પર અવસાન પામ્યા આ હકીકતનો આ જ શબ્દોમાં પંડિત હીરાલાલે તથા પાલીતાણાના જૈનધર્મ વિદ્યાપ્રસારક વર્ગ તરફથી પ્રકાશિત થયેલ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"જૈન ઈતિહાસ"માં પણ સ્વીકાર થયો છે, હેમચંદ્રાચાર્યની અંતિમ વિધિ-સ્મશાનયાત્રામાં ગુર્જરેશ્વર સિદ્ધરાજ સ્વયં હાજર રહ્યો હતો એવો ઉલ્લેખ છે તેથી શબને પાછળથી પાટણ લઈ જવાયું હશે એમ માનવું રહ્યું ! જો અગ્નિસંસ્કાર પાલિતાણામાં થયો હોય તો સિદ્ધરાજ પાલિતાણા આવ્યો હોય એવું બને.

શત્રુંજય જૈનોમાં 'વિમલગિરિ' નામથી વિશેષ જાણીતો છે, શત્રુંજય વિશે 'વિચારશ્રેણી'માં ઉલ્લેખો ઉપલબ્ધ છે, પરંતુ વિસ્તારભય તથા વિષયની અનુરૂપતાને લક્ષમાં રાખી પાલિતાણા સિવાયના અન્ય ઉલ્લેખોને અત્રે અપ્રસ્તુત ગણ્યા છે.

શત્રુંજયની યાત્રાએ જવા માટે પાલિતાણામાં પ્રવેશ અનિવાર્ય છે, પરિણામે સૈકાઓથી પાલિતાણાનો વિકાસક્રમ ઉત્તરોત્તર વધતો રહ્યો છે, યાત્રાળુઓની આવશ્યક સુવિધાઓ માટે અહીં અનેક વ્યક્તિઓને આજીવિકા મળે છે. અહીં હરહંમેશ વિશાળ સંઘો આવે છે. જૈન પરિવારો સાધનસંપન્ન પણ હોય છે તેથી આ સ્થળની આર્થિક આબાદી સ્વાભાવિક રીતે જ વિકસી રહી છે. સિદ્ધરાજ અને કુમારપાલના સમયથી જ આ તીર્થનો મહિમા વિસ્તરી રહ્યો છે, પરિણામે પાલિતાણાની જાહોજલાલી જગવિખ્યાત બની છે. આર્થિક ક્ષેત્રે એનો અગણ્ય વિકાસ થયો છે.

'અર્થ' એ જ એક માત્ર વિકાસની પગદંડી નથી, શિલ્પ અને સંસ્કાર પણ વિકાસનાં સોપાન છે, શિલ્પ અને સ્થાપત્યની દૃષ્ટિએ પણ પાલિતાણા સમૃદ્ધ છે. મુસ્લિમ સત્તાના અવારનવાર આક્રમણોને કારણે પાલિતાણાની ઘણી શિલ્પસમૃદ્ધિનો નાશ થયો છે છતાં જે છે તે આપણને ગૌરવ અપાવે તેવું છે. અહીં સંઘો અને યાત્રાળુઓ જ આવે છે તે તમામ પોતાનાં સાંસારિક આધિ ઉપાધિ અને વ્યવસાયનાં વળગણને છોડીને આવે છે, પરિણામે અહીં ધર્મલાભની જ વાતો થતી હોય છે. પાલિતાણા આવું સંસ્કારધામ છે.

આમ પાલિતાણાએ આર્થિક સાંસ્કૃતિક અને ધાર્મિક વિકાસનો કલ્પનાતીત ત્રિવેણીસંગમ સાધ્યો છે. જૈન-સમાજની કુલીનતા દાનશીલતા અને ધર્મનિષ્ઠાને કારણે હજુ પણ દિનપ્રતિદિન પાલિતાણાની પ્રગતિકૂચ ચાલુ જ રહેશે એ નિ:શંક નિર્વિવાદ છે.

ઠે. વામનજીના મંદિર પાસે, વંથળી-૩૬૨૬૧૦

**નોંધ** : શત્રુંજય પર્વત જૈનોમાં 'સિદ્ધાચલ' અને 'વિમલગિરિ' નામથી વિશેષ ખ્યાત છે, સિદ્ધરાજના સ્મરણમાં 'સિદ્ધાચલ' અને વિમલ મંત્રીની સ્મૃતિમાં 'વિમલગિરિ' કહેવાતો હશે એમ માનું છું.

### પાદટીપો


૧. વસંતવિલાસ સર્ગ-૧૪, શ્લોક-૨૩ શ્રીબાલચન્દ્ર સુરિ
૨. શ્રી રામચન્દ્ર દીનાનાથ શાસ્ત્રી
૩. પ્રાચીનભારત ભાગ-૧, શ્રી ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી
૪. શ્રી સોમપ્રભાચાર્ય વિ. સં. ૧૨૪૧
૫. સંઘતિલકાચાર્ય વિ. સં. ૧૪૨૨
૬. ધર્માભ્યુદય મહાકાવ્ય, શ્રી ઉદયપ્રભસૂરિ
૭. એજન
૮. એપિગ્રાફિયા ઇન્ડિકા. વૉ. ૯, પૃ. ૧૭
૯. ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ, શ્રી રત્નમણિરાવ ભીમરાવ જોટે
૧૦. તવારીખે સોરઠ વ હાલાર......શ્રી શંભુપ્રસાદ હરપ્રસાદ દેસાઈ.




For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# જ્યારે ગુજરાતની ધરતી સોનું પકવશે

સરદાર સરોવર યોજના ગુજરાત માટે કામધેનુની જેમ દૂઝણી સાબિત થવાની છે.

સરદાર સરોવર યોજના અર્થાત્ ૪૩૭ વર્ષનું આયુષ, પ્રતિદિન રૂા. ૪ કરોડની આવક, ૬ લાખ લોકોને કાયમી રોજગાર, ૧૩૧ શહેરો અને ૪,૭૨૦ ગામડાંઓનાં ૨,૯૫,૦૦,૦૦૦ લોકોની તૃષાતૃપ્તિ, ૨૫,૦૦,૦૦૦ લોકોને સિંચાઈનો લાભ, ૮ લાખ હેક્ટર જમીનને સિંચાઈ, ૪.૨૫ કરોડ વૃક્ષોનું વૃંદાવન, ૫૦૦ કરોડ યુનિટ વીજઉત્પાદન, ઉદ્યોગોના વીજ-કાપનો અંત, મત્સ્યોદ્યોગથી રૂા. ૧૮૫ કરોડનો ફાયદો, કૃષિક્ષેત્રે રૂા. ૯૦૦ કરોડનો લાભ, ૪૫ ટકા ખેતઉત્પાદનમાં વૃદ્ધિ, આરોગ્ય સુધરશે, રણ અટકશે અને પર્યાવરણ મધુવન જેવું બની જશે, નળ સરોવર બનશે નવલું નઝરાણું. ઘુડખર, કાળિયાર અને ઘુખમલ રીંછને અભયજીવન, સૌરાષ્ટ્ર બનશે સુજલામ્ સુફલામ્, રણ રોકાશે, પવિત્ર કિનારો પ્રવાસ-ધામ બનશે, દુષ્કાળને ગુડ બાય, રાજ્યનો આર્થિક વિકાસ થશે, સ્થાપિતોને નવજીવન મળશે, ગુજરાત નંદનવન બનશે.

## સરદાર સરોવર નર્મદા નિગમ, લિ.,

બ્લૉક નં. ૧૨, પ્રથમ માળ,
સરદાર ભવન,
ગાંધીનગર-૩૮૦૨૧૦


મુદ્રક પ્રકાશક અને તંત્રી : 'પથિક કાર્યાલય' માટે પ્રો. કેશવરામ કા. શાસ્ત્રી, ઠે. મધુવન, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬ તા. ૧૫-૧૨-૧૯૯૧

મુદ્રણસ્થાન : પ્રેરણા મુદ્રણાલય, રુસ્તમઅલીનો ઢાળ, મિરઝાપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧

પૂઠું : ઈન્ટરનેશનલ પ્રિન્ટિંગ વર્ક્સ, શાહપુર, માળીવાડાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧

For Private and Personal Use Only